પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૯ • કુલ પાના : ૪ • તારીખ : ૨૩-૦૯-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અર્ધોઅર્ધ બેઠકોમાં નવા ચહેરા ઉતારશે

નવીદિલ્હી,

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીને આડે માંડ બે-અઢી મહિના બાકી રહ્યા છે અને તમામ રાજકીય પક્ષો પ્રચારથી માંડીને ઉમેદવાર પસંદગી સુધીની પ્રક્રિયાની તૈયારી કરી રહ્યા છે ત્યારે સત્તાધારી ભાજપ અર્ધોઅર્ધ બેઠકોમાં નવા ચહેરાઓને ટીકીટ આપે તેવા મહત્વના સંકેત સાંપડ્યા છે. વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ઉમેદવારી સંબંધી એકથી વધુ સર્વે કરાવી જ લીધા છે. સત્તા વિરોધી માહોલને દૂર કરવા માટે અર્ધોઅર્ધ ઉમેદવાર બદલીને નવા ચહેરાને સ્થાન આપવામાં આવે તેવી શક્યતા છે. ભાજપ દ્વારા ગત વર્ષે મુખ્યમંત્રીથી માંડીને મંત્રીઓ સુધીની આખેઆખી સરકાર બદલીને આ પ્રકારનો પ્રયોગ કરવામાં આવ્યો જ હતો.

ગુજરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું હોમ સ્ટેટ હોવાને કારણે ભાજપ માટે ચૂંટણી અત્યંત મહત્વની છે અને તેમાં કોઈ કચાશ કે બાંધછોડ કરવા માંગતી નથી. આ જ કારણોસર ભાજપના તમામ સિનિયર નેતાઓ વારાફરતી ગુજરાતના પ્રવાસ કરીને ચૂંટણીની તૈયારી વધુ તેજ બનાવી રહ્યા છે. છેલ્લા ૨૭ વર્ષથી ભાજપ સતા પર છે અને



તેને કારણે શાસન વિરોધી માહોલ ઉભો થવાનું સ્વાભાવિક છે.

ગત વર્ષે કોરોના કાળ દરમિયાન સરકારની નિષ્ફળતાનો વ્યાપક ઉહાપોહ થયો જ હતો. પાર્ટી હાઈકમાન્ડ દ્વારા તત્કાલીન મુખ્યમંત્રી વિજય રુપાણી સહિત આખેઆખી સરકાર બદલાવી નાખવામાં આવી હતી તે પાછળનો ઈરાદો પ્રજાની નારાજગી દૂર કરવાનો જ હતો. હવે વિધાનસભા ચૂંટણી માથે છે ત્યારે હાઈકમાન્ડ દ્વારા તમામ પ્રકારના ફીડબેક મેળવવામાં આવી રહ્યા છે અને તેના આધારે જ અર્ધોઅર્ધ બેઠકોમાં નવા ચહેરાની પસંદગી કરવામાં આવે તેવા સંકેત સાંપડ્યા છે.

ભાજપના જ ટોચ લેવલના સુત્રોએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દોઢ દાયકા સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહયા હતા અને દરેકે દરેક ક્ષેત્રથી સંપૂર્ણ રીતે માહિતગાર છે. આ જ કારણોસર તેઓ વ્યક્તિગત રીતે જ દરેકેદરેક સીટની ફીડબેક મેળવી રહ્યા છે. ગૃહમંત્રી અમિત શાહ તથા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા પણ વખતોવખત ગુજરાત પ્રવાસ કરીને સંગઠન તથા ચૂંટણી રણનીતિને મજબૂત બનાવવાના પ્રયત્નો કરી રહ્યા છે.

વિપક્ષને લાગે વળગે છે ત્યાં સુધી કોંગ્રેસ તો અત્યંત નબળી ગણાઈ રહી છે પરંતુ આમ આદમી પાર્ટીએ જે રીતે પ્રચારનું વાવાઝોડુ ફૂંકીને પગદંડો જમાવવાનો પ્રયાસ કર્યો છે તેનાથી ભાજપ નેતાગીરી એલર્ટ છે.જો કે ભાજપ આ ચૂંટણી પડકારને જરાય હળવાશથી લેતી નથી અને તમામ તાકાતથી મેદાનમાં રહેશે.

સુત્રોના કહેવા પ્રમાણે રણનીતિના ભાગરુપે જ ભાજપ અર્ધોઅર્ધ નવા ચહેરાને સ્થાન આપશે. અનુભવીની સાથોસાથ યુવા નેતાઓનું સંતુલન કરવામાં આવશે. ૭૫ વર્ષથી ઉપરના નેતાઓને ટીકીટ આપવામાં નહીં આવે. જો કે એકાદ-બે બેઠકોમાં અપવાદરુપ ટીકીટ આપવામાં આવે તેવી શક્યતા નકારાતી નથી.

૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૧૮૨માંથી ૯૯ બેઠકો મળી હતી અને ત્યારબાદ કોંગ્રેસ જેવા પક્ષોનાં ધારાસભ્યો ભાજપમાં જોડાયા હતા. ભાજપનો વ્યૂહ એવો છે કે નવા ચહેરા સાથે પ્રજાની વચ્ચે જવાથી જીતની ટકાવારી વધી શકશે.

ભાજપના સુત્રોએ જણાવ્યું છે કે પ્રચારથી માંડીને ઉમેદવાર પસંદગીની રણનીતિ વડાપ્રધાન નરેન્દ્ર મોદી હસ્તક જ રહેશે. રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડાએ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન સ્પષ્ટ કરી દીધું હતું કે ભાજપને લક્ષ?યથી હટવાનું નથી. વડાપ્રધાન મોદી જે કાર્ય કરી રહ્યા છે તેને જ આગળ વધારવાનું છે. તેનો સીધો અર્થ એવો થાય છે કે વડાપ્રધાન મોદી હસ્તક જ ગુજરાત વિધાનસભાની ચૂંટણી કમાન રહેશે. ભાજપ દ્વારા ઉમેદવાર પસંદગી માટેના કોઈ માપદંડ જાહેર કરવામાં આવ્યા નથી. પાર્ટી કાર્યકરોમાં જુદી-જુદી અટકળો વ્યક્ત કરવામાં આવી રહી છે પરંતુ માહિતગાર સુત્રોએ જણાવ્યું છે કે આ વખતની ચૂંટણીમાં ભાજપ ૭૫ વર્ષથી અધિકની ઉંમર ધરાવતા નેતાઓને ટીકીટ નહીં આપે જો કે અપવાદરુપ કિસ્સામાં એકાદ-બે સીટ પર વિચારણા થઈ શકે છે.

## ગુજરાતમાં ૨૦૧૯માં હવા પ્રદુષણથી ૧૬.૭૦ લાખ લોકોના મોત થયાનો કેગના રિપોર્ટમાં ખુલાસો

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભા સત્રના આજે બીજા અને અંતિમ દિવસે કેગનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતમાં પ્રદૂષણથી મોત અંગે મોટો ખુલાસો કરાયો છે. રિપોર્ટ અનુસાર, ૨૦૧૯માં હવા પ્રદુષણથી ગુજરાતમાં ૧૬.૭૦ લાખ લોકોના મૃત્યુ થયા છે. સાથે જ રિપોર્ટમાં કહેવાયુ કે, કોરોનાના લોકડાઉનના ગાળામાં હવાની ગુણવત્તામાં સુધારો નોંધાયો હતો.

હવા પ્રદુષણ નિયંત્રણ અંગેનો કેગનો અહેવાલ વિધાનસભામાં રજૂ કરાયો છે. જે મુજબ, ૨૦૧૪-૧૫ થી ૨૦૨૦-૨૧ દરમિયાન ગુજરાતમાં હવા પ્રદુષણ અંગે ઓડિટ કરાયુ હતું.



જેમાં ઘટસ્ફોટ થયો કે, ૨૦૧૯માં હવા પ્રદુષણથી ગુજરાતમાં ૧૬.૭૦ લાખ લોકોના મૃત્યુ થયા છે. પ્રદૂષણની અસર ગુજરાતના ઉદ્યોગધંધાને પણ પડી છે. પ્રદૂષણથી દેશના વેપારને વર્ષે ૯૫ અબજ ડોલરનું નુકસાન થયું છે. રિપોર્ટ અનુસાર, રાજ્યમાં હવાની ગુણવત્તામાં બગાડ જણાયો છે.

કેગના રિપોર્ટમાં હવા પ્રદુષણ અંગે જીપીસીબીની કામગીરી પર અનેક સવાલો ઉભા કરે છે. રિપોર્ટમાં નોંધ્યુ કે, લોકડાઉનના સમયગાળામાં ગુણવત્તામાં સુધારો નોંધાયો છે. પરંતુ વાયુ પ્રદૂષણ કાબૂન કરવામાં જીપીસીબી નિષ્ફળ ગયુ છે. જીપીસીબી ઔદ્યોગિક એકમોમાં ધ્વનિ પ્રદુષણની દેખરેખ ના કરતું હોવાની કેગે રિપોર્ટમાં ઉલ્લેખ કર્યો છે. જીપીસીબી ૧૪ શહેરો અને ૬૨ મથકોની આસપાસમાં જ હવાની ગુણવત્તાની દેખરેખ કરી હતી. પરંતુ હવા પ્રદૂષણ ફેલાવતા વિસ્તારોમાં જીપીસીબીએ ગુણવત્તાની દેખરેખ ના કરી.

પ્રદુષણ ફેલાવતા એકમોમાં ઓનલાઈન દેખરેખ વ્યવસ્થા સ્થાપવામાં જીપીસીબી નિષ્ફળ ગયુ છે. ૬ વર્ષમાં ૬૭ એકમોમાં ઓનલાઈન વ્યવસ્થા ના થઈ અને અન્યોના ડેટા પણ ઉપલબ્ધ ના કરાયા. ૩૦૯૦૦ ઉદ્યોગો, ૪૨ હજાર એકમો, ૩૪ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૨૧ બાયો મેડિકલ વેસ્ટની દેખરેખની જવાબદારી જીપીસીબીની હતી. જે તે યોગ્ય રીતે કરી ન શક્યું. બાંધકામની પ્રવૃતિઓ, ઘન કચરો, ઈંટોના ભઠ્ઠા, પથ્થર ક્રશર, લાકડાની લાટી અને કોલ્ડ સ્ટોરેજ પ્રદૂષણના મુખ્ય સ્ત્રોત છે. અમદાવાદ-ગાંધીનગરમાં ઘન કચરાનો અવૈજ્ઞાનિક નિકાલ હવા પ્રદુષણનું કારણ સાથે જ રિપોર્ટમાં કહેવાયું કે, પૂરતા સ્ટાફના અભાવે જીપીસીબી યોગ્ય કામગીરી ના કરી શક્યું. રાજ્યમાં વધી રહેલ પ્રદુષણ સામે સરકારે જીપીસીબીની ૨૨૩ જગ્યાઓ નાબૂદ કરી. હાલ જીપીસીબી માત્ર ૫૦૫ કર્મીઓ સાથે કામ કરી રહ્યું છે.

## કેન્દ્ર સરકારે પૂનઃ પ્રાપ્ય ઉર્જા ક્ષેત્ર જીડબ્લ્યુની ઉત્પાદન ક્ષમતા હાસલ કરવા ૧૯,૫૦૦ કરોડની જોગવાઈ કરી

નવીદિલ્હી,


પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકે નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલયના 'ઉચ્ચ કાર્યક્ષમતા સોલાર પીવી મોડ્યુલ્સ પર રાષ્ટ્રીય કાર્યક્રમ' પર પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ (ટ્રેન્ચ-૨)ના અમલીકરણની દરખાસ્તને મંજૂરી આપી છે. ઉચ્ચ કાર્યક્ષમતા સોલાર પીવી મોડ્યુલ્સમાં ગીગા વોટ (જીડબ્લ્યુ) સ્કેલની ઉત્પાદન ક્ષમતા હાંસલ કરવા માટે રૂ.૧૯,૫૦૦ કરોડ ખર્ચ-જોગવાઈ રાખવામાં આવી છે. કાર્યક્ષમતા સૌર પીવી મોડ્યુલ્સ પરના રાષ્ટ્રીય કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારતમાં ઉચ્ચ કાર્યક્ષમતાવાળા સૌર પીવી મોડ્યુલ્સના ઉત્પાદન માટે ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાનો છે અને આ રીતે રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં આયાત નિર્ભરતા ઘટાડવાનો છે. તે આત્મનિર્ભર ભારત પહેલને મજબૂત કરશે અને રોજગારીનું સર્જન કરશે.

સોલર પીવી ઉત્પાદકોની પસંદગી પારદર્શક પસંદગી પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે. સ્થાનિક બજારમાંથી ઉચ્ચ કાર્યક્ષમતાવાળા સોલાર પીવી મોડ્યુલના વેચાણ પર સૌર પીવી ઉત્પાદન પ્લાન્ટના કમિશનિંગ પછી ૫ વર્ષ માટે પીએલઆઈનું વિતરણ કરવામાં આવશે અને પ્રોત્સાહિત કરવામાં આવશે.

એવો અંદાજ છે કે લગભગ ૬૫,૦૦૦ મેગાવોટ વાર્ષિક ઉત્પાદન ક્ષમતા સંપૂર્ણ અને આંશિક રીતે સંકલિત, સૌર પીવી મોડ્યુલો સ્થાપિત કરવામાં આવશે આ યોજના લગભગ રૂ.૯૪,૦૦૦ કરોડનું સીધું રોકાણ લાવશે. ઈવીએ, સોલર ગ્લાસ, બેકશીટ વગેરે જેવી સામગ્રીના સંતુલન માટે ઉત્પાદન ક્ષમતાનું નિર્માણ લગભગ ૧,૯૫,૦૦૦ લોકોને પ્રત્યક્ષ રોજગાર અને લગભગ ૭,૮૦,૦૦૦ વ્યક્તિઓને પરોક્ષ રોજગાર. અંદાજે રૂ.૧.૩૭ લાખ કરોડની આયાત અવેજી. સોલર પીવી મોડ્યુલ્સમાં ઉચ્ચ કાર્યક્ષમતા હાંસલ કરવા સંશોધન અને વિકાસને પ્રોત્સાહન

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્ર સરકારના આ નિર્ણયથી રાજ્યમાં સૌર ઊર્જા ઉત્પાદન ક્ષેત્રને વેગ મળશે તેવી અપેક્ષા વ્યકત કરી છે. રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે આત્મનિર્ભર ભારતની પહેલને મજબૂત કરવામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારનો આ નિર્ણય ઉપયુકત બનશે તેમ તેમણે વડાપ્રધાનનો આભાર માનતા જણાવ્યું છે.

## પોલીસ પરિવારો અને LRD ઉમેદવારોના ગાંધીનગરમાં ધામા, ૬૦થી વધુ આંદોલનકારીઓની અટકાયત કરવામાં આવી





ગાંધીનગર,

ગુજરાતમાં અન્ય રાજ્યોની જેમ શહીદ થયેલા પોલીસકર્મચારીઓના પરિવારના એક સભ્યને રહેમરાહે નોકરી આપવાની પડતર માગણીને લઈને સત્યાગ્રહ છાવણી ખાતે મોટી સંખ્યામાં લોકો ઊમટી પડી ધરણાં-પ્રદર્શન કર્યા હતા. આ ઉપરાંત ન્ઈ્ઠ ઉમેદવારોએ પણ ધરણાં કરવા આવી પહોંચ્યા હતા. આ દરમિયાન આંદોલનકારી અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું, જેમાં પોલીસે ૬૦થી વધુ આંદોલનકારીઓની અટકાયત કરી છે.

ગાંધીનગરમાં પોલીસ પરિવારો દ્વારા પડતર માગણીઓ લઈને આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. પોલીસ પરિવારોને વર્ગ-૩ અને વર્ગ-૪માં નોકરી આપવાની માગ પોલીસ પરિવારો કરી રહ્યા છે. પોલીસ પરિવારની માગ છે કે રહેમરાહે નોકરી શરૂ કરવામાં આવે. આ સિવાય ૫-૭-૨૦૧૧નો ઠરાવ રદ કરવામાં આવે. ગુજરાત પોલીસમાં ૧૯૮૫થી ૨૦૧૭ સુધીમાં શહીદ થયેલા પોલીસકર્મીઓના પરિવારને ન્યાય આપવામાં આવે.

છેલ્લા ઘણા દિવસથી પોલીસ પરિવારો દ્વારા વિરોધપ્રદર્શન કરી પડતર માગણીઓનું જલદીમાં જલદી નિરાકરણ લાવવાની ઉગ્ર માગણી કરવામાં આવી રહી છે. જોકે સરકાર તરફથી હજી સીધું પોલીસ પરિવારોને ન્યાય નહીં આપવામાં આવતાં આજે પણ મોટી સંખ્યામાં પોલીસ પરિવારો ધરણાં પ્રદર્શન કરવા આવી પહોંચ્યા હતા, જેમની સાથે ન્ઈ્ઠ ઉમેદવારો પણ ધરણાં કરવા સત્યાગ્રહ છાવણી એકઠા થયા હતા.

પોલીસે આંદોલનકારોની અટકાયત કરી હતી. આ દરમિયાન આંદોલનકારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણનાં દૃશ્યો સર્જાયાં હતાં. આંદોલનકારીઓએ આક્ષેપ કર્યો હતો કે પોલીસ દ્વારા તેમના પર દમન ગુજારવામાં આવ્યું છે. આ અંગે સેકટર-૭ પીઆઈ પી.બી. ચૌહાણે કહ્યું હતું કે વિધાનસભા સત્ર ચાલી રહ્યું છે. પોલીસ પરિવારો અને ન્ઈ્ઠ ઉમેદવારો પડતર માગણીઓ લઈને ધરણાં કરવા આવ્યા હતા. આશરે ૬૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે, જ્યારે પોલીસ પર કરવામાં આવેલા આક્ષેપો ખોટા છે.

## કોમેડી કિંગ રાજુ શ્રીવાસ્તવનું પાર્થિવ શરીર પંચતત્વમાં વિલીન થયું : પુત્રે મુખાગ્નિ આપી

નવીદિલ્હી,

કોમેડી કિંગ રાજુ શ્રીવાસ્તવ પંચતંત્રમાં વિલીન થઈ ગયા છે. નિગમબોધ ઘાટ પર તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. કોમેડિયનને વિદાય આપવા કોમેડી જગતના અનેક સ્ટાર્સ પહોંચ્યા હતા. ફેન્સ અને પરિવારજનો પણ પહોંચ્યા હતા. કાનપુરથી રાજુના ઘણા મિત્રો દિલ્હી આવ્યા હતા. ઉત્તરપ્રદેશના પ્રવાસન મંત્રી પણ સ્મશાનગૃહ પહોંચ્યા હતા. દિલ્હી તેમના ઘરેથી ૯:૦૦ વાગ્યે તેમની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. રાજુના અંતિમ સંસ્કારની તૈયારી તેમના ઘરે જ કરવામાં આવી હતી. રાજુ શ્રીવાસ્તવને તેમનો પુત્ર આયુષ્માન



શ્રીવાસ્તવે મુખાગ્નિ આપી હતી. આજે તેઓ પંચતત્વમાં વિલીન થઈ ગયા છે. રાજુ શ્રીવાસ્તવના અંતિમ દર્શન માટે તેમના નજીકના મિત્ર સુનિલ પાલ પણ પહોંચ્યા હતા. રાજુ શ્રીવાસ્તવના પાર્થિવ શરીરને તેમના ભાઈના ઘરે રાખવામાં આવ્યું હતું. ત્યાંથી ૩૫ કિમી દૂર નિગમબોધ ઘાટ પર તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. કોમેડિયન સુનીલ પાલ અને એહસાન કુરેશી બંને રાજુની અંતિમ યાત્રામાં હાજરી આપી છે. ચાહકોએ 'રાજુ શ્રીવાસ્તવ અમર રહે'ના નારા લગાવ્યા હતા. કોમેડિયન દોઢ મહિના સુધી વેન્ટિલેટર પર રહ્યા બાદ ૨૧ સપ્ટેમ્બરે દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. રાજુની અંતિમ યાત્રા માટે ટ્રકને સફેદ ફૂલોથી શણગારવામાં આવી હતી. ટ્રકની આગળ રાજુનો ફોટો રાખવામાં આવ્યો હતો. તેમણે રેતીમાં રાજુની તસવીર બનાવી અને લખ્યું- **Haste Haste Rula Diya... R.I.P Raju Srivastva** પીઢ હાસ્ય કવિ સુરેન્દ્ર શર્મા પણ રાજુ શ્રીવાસ્તવને વિદાય આપવા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન તેમની આંખો ભીની થઈ ગઈ હતી અને ભારે હૃદય સાથે તેમણે દેશના સૌથી મોટા હાસ્ય કલાકારને અંતિમ સલામ કરી હતી. રાજુ શ્રીવાસ્તવના અંતિમ દર્શન માટે ભારે ભીડ ઉમટી હતી. તેમના ચાહકોએ ભીની આંખો સાથે રાજુને વિદાય આપી હતી. તેમની અંતિમ યાત્રામાં પરિવારજનો ઉપરાંત ઘણા સબંધીઓ, રાજકારણીઓ અને સેલિબ્રિટીઓ પણ આવ્યા હતા.

## ૧૩ રાજ્યોમાં પોપ્યુલર ફ્રન્ટ ઑફ ઈન્ડિયાના અનેક સ્થળો પર NIA અને EDના દરોડા

નવીદિલ્હી,

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ અડધી રાત્રે ૧૩ રાજ્યોમાં પોપ્યુલર ફ્રન્ટ ઑફ ઈન્ડિયા પીએફઆઉના અનેક સ્થળો પર દરોડા પાડ્યા હતા, જે અત્યારસુધી ચાલુ છે. ટેરર ફંડિંગ કેસમાં કરવામાં આવી રહેલી આ કાર્યવાહી હેઠળ સંગઠન સાથે જોડાયેલા ૧૦૬ લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે. રિપોર્ટ્સ અનુસાર સંગઠન પ્રમુખ ઓમા સાલમની પણ ધરપકડ કરવામાં આવી છે.

ઉત્તરપ્રદેશ, કેરળ, કર્નાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ, આસામ, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, પુડુચેરી અને રાજસ્થાનમાં એનઆઈએ અને ઈડીની કાર્યવાહી ચાલી રહી છે. આ દરમિયાન ગૃહ મંત્રાલય ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ. જેમાં



એનએસએ અજીત ડોભાલ, ગૃહ સચિવ અજય ભલ્લા અને એનઆઈએના મહાનિર્દેશક હાજર રહ્યા હતા.આ બેઠકમાં ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે આતંકવાદને કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં એનઆઈએ અને ઈડીના દરોડાના વિરોધમાં પીએફઆઈના કાર્યકરો કેરળ, મલ્લપુરમ, તમિલનાડુના ચેન્નઈ, કર્ણાટકના મંગલુરૂમાં રોડ પર ઉતરી વિરોધ દર્શાવ્યો. કેરળમાં કાર્યકરોએ ચક્કાજામ કરતા પોલીસે હળવો બળ પ્રયોગ કર્યો હતો, મહારાષ્ટ્ર એટીએસએ ગુરુવારે સવારે રાજ્યમાં ઔરંગાબાદ, પુણે, કોલ્હાપુર, બીડ, પરભણી, નાંદેડ, જલગાંવ, માલેગાંવ, નવી મુંબઈ, થાણે અને મુંબઈમાં એક સાથે કાર્યવાહી કરીને ૨૦ આરોપીઓની ધરપકડ કરી છે. તમામ આરોપીઓ પીએફઆઈ સાથે સંકળાયેલા હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ મામલે યુએપીએ હેઠળ કુલ ૪ કેસ નોંધાવામાં આવ્યા છે.

પીએફઆઈએ નિવેદન આપતા જણાવ્યું કે અવાજ દબાવવા માટે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જુલાઈમાં પટના પોલીસે ફૂલવારી શરીફમાં દરોડા પાડીને આતંકવાદી ષડયંત્રનો પર્દાફાશ કર્યો હતો. આતંકવાદીઓના નિશાના પર વડાપ્રધાન મોદી હતા. સપ્ટેમ્બરમાં આ કેસમાં પીએફઆઈ કાર્યકરોનાં નામ સામે આવ્યા બાદ NIAએ બિહારમાં દરોડા પાડ્યા હતા. આ વર્ષની શરૂઆતમાં કર્ણાટકના ઉડુપીમાં હિજાબનો વિવાદ શરૂ થયો હતો. કર્ણાટક સરકારના મતે આ વિવાદ પાછળ પીએફઆઈના કાર્યકરોનો પણ હાથ હતો. સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે પીએફઆઈના કાવતરાને કારણે કર્ણાટકમાં હિજાબ વિવાદ ઊભો થયો.

કેરળમાં પ્રોફેસર ટીજે જોસેફનો હાથ કાપવાની ૨૦૧૦ની ઘટના બાદ પીએફઆઈ સંગઠન પહેલીવાર ચર્ચામાં આવ્યું હતું. પ્રોફેસર જોસેફ પર પયગંબર મોહમ્મદનું અપમાન કરવાનો આરોપ હતો. આ પછી કહેવાય છે કે પ્રોફેસર જોસેફના હાથ પીએફઆઈ કાર્યકરોએ કાપી નાખ્યા હતા.

પોપ્યુલર ફ્રન્ટ ઈન્ડિયાની રચના ૨૦૦૭માં મનીતા નીતિ પાસરાઈ અને નેશનલ ડેવલપમેન્ટ ફંડ નામની સંસ્થા દ્વારા કરવામાં આવી હતી. શરૂઆતમાં આ સંગઠન માત્ર દક્ષિણ ભારતનાં રાજ્યોમાં જ સક્રિય હતું, પરંતુ હવે એ યુપી-બિહાર સહિત ૨૦ રાજ્યોમાં વિસ્તર્યું છે. ૧૮ સપ્ટેમ્બરે કેરળના કોઝિકોડમાં એક રેલી દરમિયાન પીએફઆઈ નેતા અફઝલ કાસિમીએ કહ્યું- સંઘ પરિવાર અને સરકારના લોકો અમને દબાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ જ્યારે પણ ઈસ્લામ પર ખતરો હશે ત્યારે અમે શહાદત આપવાથી પાછળ નહીં હટીએ. કાસિમીએ કહ્યું હતું- આઝાદીની બીજી લડાઈ છે અને મુસ્લિમોએ જેહાદ માટે તૈયાર રહેવું પડશે. સમાજમાં સાંપ્રદાયિકતા ફેલાવવાના આરોપસર પીએફઆઈ હાલમાં માત્ર ઝારખંડમાં પ્રતિબંધિત છે, જેની સામે સંસ્થાએ કોર્ટમાં અપીલ પણ કરી છે. એ જ સમયે કેન્દ્ર સરકાર પણ પીએફઆઈ પર કડક કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે. આ માટે ઓગસ્ટમાં જ એક ટીમ બનાવવામાં આવી હતી, જેને ત્રણ મોરચે કામ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.આ પહેલા ૧૮મી સપ્ટેમ્બરના રોજ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના ૪૦ જેટલા સ્થળો પર આતંકવાદી પ્રવૃતિઓને અંજામ આપવાના આરોપમાં દરોડા પાડ્યા હતા. એજન્સીએ તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં આ કાર્યવાહી કરી હતી. પીએફઆઈ પર કાનપુર હિંસા, આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવા અને ધર્મના આધારે નફરત ફેલાવવાના આરોપ લાગતા રહ્યાં છે. દિલ્હીમાં સીએએ આંદોલનથી લઈને મધ્ય પ્રદેશના મુઝફ્ફરનગર, શામલી અને ખરગોનમાં થયેલી સાંપ્રદાયિક હિંસાના તાર પીએફઆઈ સાથે જોડાયેલા હોવાનો દાવો કરવામાં આવે છે.પીએફઆઈના રાજ્ય અને જિલ્લા સ્તરના નેતાઓના ઘરો પર દરોડા પાડવામાં આવ્યા છે, જેમાં મલપ્પુરમ જિલ્લાના મંજેરીના પીએફઆઈ પ્રમુખ ઓએમએ સલામના નિવાસસ્થાન અને પીએફઆઈ ઓફિસનો પણ સમાવેશ થાય છે. દરોડા શરૂ થયા બાદ મધરાતથી પીએફઆઈ કાર્યકર્તાઓ વિરોધ કરી રહ્યા આ તલાશી ટેરર ફાઈનાન્સિંગ, ટ્રેનિંગ કેમ્પનું આયોજન અને પ્રતિબંધિત સંગઠનોમાં લોકોની સંડોવણી, કટ્ટરપંથીઓ બનાવવા માટે, કટ્ટરપંથી સંગઠન સાથે સંકળાયેલા લોકો માટે તાલીમ શિબિરોનું આયોજન કરનાર વ્યક્તિઓના રહેણાંક અને સત્તાવાર પરિસરમાં દરોડા પાડવામાં આવી રહ્યાં છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

બળવંતભાઈ નવલાભાઈ પટેલ

તરફથી અભીનંદન....

મુ. રૂવાબારી,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

વેસ્તીબેન મગનભાઈ પટેલ

તરફથી અભીનંદન....

મુ. અંતેલા,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# લુણાવાડામાં નવરાત્રી મેળાને ખૂલ્લો મુકતા તાલુકા પંચાયતના પ્રમુખ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહિસાગર,
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મહિસાગર લુણાવાડા દ્વારા આયોજિત નવરાત્રી મેળા અંતર્ગત આજરોજ તાલુકા પંચાયત, લુણાવાડા ખાતે સ્વ સહાય જુથની બહેનો દ્વારા સ્વ ઉત્પાદિત ચીજ વસ્તુના વેચાણ માટે તેમજ મહિલાઓની આજીવિકામાં વધારો થાય તેવા હેતુથી નવરાત્રી મેળા–૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યુ. જેમાં લુણાવાડા તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા મેળાનું ઉદઘાટન કરવામાં આવ્યું જેમાં ૧૦ જેટલા સ્વ સહાય જૂથનાં નવરાત્રી મેળા સ્ટોલ જોડાયા હતા.

આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ જયોતિકાબેન પટેલ નવરાત્રી મેળાના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈ સખી મંડળની બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્વસહાય જુથની મહિલાઓ સ્વાવલંબી બને, આજીવિકામાં વધુ સુધારો આવે અને ગરીબીમાંથી બહાર આવે એ હેતુથી 'રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન યોજના'ની શરૂઆત કરવામાં આવી છે. ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની મહિલાઓને સ્વસહાય જુથોમાં સંગઠીત કરી તેઓને બચત તથા બેંકો સાથે જોડી વધુ ધિરાણ આપી એક સુવ્યવસ્થિત પ્રક્રિયા દ્વારા કૌશલ્યવર્ધન તાલીમ અને માર્કેટીંગ સાથે જોડાણ કરી સખી મંડળની બહેનોને આર્થિક રીતે પગભર કરવા કેશ ક્રેડિટ આપવામાં આવે છે.

દિનદયાળ અંત્યોદય રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તાલુકા પંચાયત કચેરી,લુણાવાડા ખાતે આયોજિત આ નવરાત્રી મેળામાં શહેર–જિલ્લાની સ્વ–સહાય જૂથોની બહેનો દ્વારા વિવિધ કલાત્મક વસ્તુઓનું તા.૨૭ નવેમ્બર સુધી પ્રદર્શન વેચાણ કરવામાં આવશે. આ મેળામાં લોકો ઘર આંગણે સુશોભન, પરંપરાગત વસ્ત્રો, આયુર્વેદિક સહિતની હસ્તકળાની વસ્તુઓની ખરીદી કરી શકશે.

# લુણાવાડા પોલીસ મથકના પોકસોના ગુનાના આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારતો હુકમ કોર્ટે કર્યો

લુણાવાડા,
લુણાવાડા પોલીસ મથકે ભોઈવાડા વિસ્તારના ઈસમ દ્વારા ૧૪ વર્ષીય સગીરાનું અપહરણ કરી યોનશોષણ કરવાનો ગુનો આચરેલ હતો. આ ગુનો કોર્ટમાં ચાલતાં આજરોજ મહિસાગર એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીએ પોકસો હેઠળ ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી.

લુણાવાડાના ભોઈવાડા વિસ્તારમાં રહેતા આરોપી મિતેષભાઈ અમરતભાઈ રાવળ દ્વારા એક વર્ષ અગાઉ ૧૪ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી અપહરણ કરી યોનશોષણ કરવાના ઈરાદે ગુનો આચરેલ હોય તે બાબતે લુણાવાડા પોલીસ મથકે પોસ્કો હેઠળનો ગુનો મહિસાગર એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોક્સો કેસ શરૂ થયો હતો. આરોપી વિરૂદ્ધ કેસ ચાલી જતાં સરકારી વકીલ જયવીરસિંહ સોલંકીની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી સ્પે.પોકસો જજ મમતાબેન એમ.પટેલ દ્વારા આવા ગુન્હાઓ અટકાવવા માટે અને સમાજમાં દાખલો બેસે તેવા ચુકાદો આપતા આરોપી મિતેશભાઈ અમરતભાઈ રાવળને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારતો હુકમ કરવામાં આવ્યો સાથે કોર્ટ દ્વારા કાનુની સેવા સત્તા મંડળ મહિસાગરને ભગો બનનારને ૩ લાખનું વળતર ચુકવવાનો આદેશ આપ્યો.

# સંતરામપુર ઉખરેલી ગામે ૧૦ ઈસમોએ એક વ્યકિત ઉપર કુહાડી થી હુમલો કરતાં ફરિયાદ



સંતરામપુર,
સંતરામપુર તાલુકાના ઉખરેલી ગામે કુહાડીના ઘાથી હુમલો કરાયો. ૧૦ ના વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો. સંતરામપુર તાલુકાના ઉખરેલી ગામે પ્રાથમિક શાળાની પાછળ રહેતા અખમાભાઈ ખાંટને સંતરામપુર પ્રાંત કચેરીએ કામ અર્થે ગયા હતા. ઉખરેલી ગામે ગામની અંદર પ્રવેશ કરતા જ અચાનક અખમાભાઈ ખાંટ ઉપર ૧૦ જણા અને વધુ વ્યક્તિઓ ભેગા થઈને ગેરકાયદેસર રીતે મંડળી રચીને હુમલો કર્યો હતો અને કહેવા લાગ્યા કે તમે કેમ કેમ કહીને ૧૦ જણાએ ભેગા થઈને ઘરના નળિયા અને ઘરને તોડફોડ કરી હતી. સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદીએ ફરિયાદ નોંધાવેલી હતી. સંતરામપુર પોલીસે ૧૦ના વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો રામજીભાઈ મનસુખભાઈ ડામોર, અમરાભાઈ મનજીભાઈ ડામોર, સુનિલભાઈ લાલાભાઈ ડામોર, પ્રવીણ મંજી ડામોર, શાંતિલાલ મનજી ડામોર, હસમુખ વેલજી કટારા, મીનાબેન અમાભાઇ ડામોર, કમળાબેન લાલાભાઇ ડામોર, લક્ષ્મીબેન પ્રવીણભાઈ ડામોર સંતરામપુર પોલીસે તમામના વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી.

## વિધાનસભામાં હોબાળો

# OBC અનામત મુદ્દે ચર્ચા કરવાની માગ સાથે વેલમાં ધસી આવેલા ૧૦ ધારાસભ્ય ફરીવાર સસ્પેન્ડ

ગાંધીનગર,
વિધાનસભા સત્રના આજે છેલ્લા દિવસે કેગનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો જયારે ત્રણ વિધેયકો પસાર કરવામાં આવ્યા હતાં તો બીજી તરફ કોંગ્રેસ સતત બીજા દિવસે ગૃહમાં હંગામો મચાવ્યો હતો આજે ગૃહ શરૂ થતાંની સાથે જ વિપક્ષ દ્વારા લમ્પી વાઈરસ અંગે ચર્ચા કરવા સમય માગવામાં આવ્યો હતો, પરંતુ અધ્યક્ષે સમય નહીં આપતાં વિપક્ષે હોબાળો કરીને વોકઆઉટ કર્યો હતો.

ઓબીસી અનામતના વિવાદને લઈને વિધાનસભા ગૃહમાં હોબાળો થયો હતો. કોંગ્રેસ પક્ષે સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં ઓબીસી અનામત મુદ્દે ચર્ચા કરવાની માગણી કરી હતી. પરંતુ અધ્યક્ષે કહ્યું હતું કે, આ ચર્ચા ન થઈ શકે. કોંગ્રેસના ધારાસભ્યોએ હાથમાં પ્લે કાર્ડ લઈને વિરોધ કર્યો હતો. વેલમાં ઘસી આવેલા કોંગ્રેસના વિમલ ચુડાસમા,અમિત ચવડા,જીગ્નેશ મેવાણી અને અમરીશ ડેર સહિત ૧૦ ધારાસભ્યોને આજની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં.

કોંગ્રેસના ધારાસભ્ય પૂંજા વંશે નિવેદન આપતા જણાવ્યું કે, 'સરકાર લમ્પી વાયરસને કંટ્રોલ કરવામાં નિષ્ફળ નીવડી. રાજયમાં કચ્છ અને જામનગરથી લમ્પી વાયરસની શરૂઆત થઈ હતી. જો પૂરતી રસી મળી હોત તો લમ્પી વાયરસ કંટ્રોલ થયો હોત. ગાયો તડફડીને મરી રહી છે. મે ટૂંકી મુદતનો પ્રશ્ન દાખલ કર્યો હતો. પરંતુ સંવેદનાપૂર્વક ચર્ચા કરવાના બદલે મારો પ્રશ્ન રદ કરાયો. આ મુદ્દાને વિધાનસભામાં મે ઉછાળવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પશુપાલન મંત્રીએ અસંમતિ દર્શાવી છે. લમ્પી વાયરસમાં યોગ્ય રીતે વળતર ચૂકવવાની અમારી માંગણી છે. ૨૫ હજારથી દોઢ લાખ ગાયની કિંમત છે. સરકાર સર્વે કરાવી વળતર ચૂકવે. તાત્કાલિક લમ્પી વાયરસને કંટ્રોલ કરવામાં આવે.

કોંગ્રેસના ધારાસભ્યોએ ટૂંકી મુદતના સવાલના જવાબ સામે વાંધો ઉઠાવ્યો હતો તેમજ ગૃહમાં મોંઘવારી સહિત લમ્પી વાઈરસ મુદ્દે ચર્ચા કરવા સમય માગ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યોએ નક્કી કરેલા વિષય સિવાય મુદ્દો ઉઠાવતા અધ્યક્ષે ટકોર કરી હતી. આ મુદ્દે વિધાનસભા અધ્યક્ષે કહ્યું હતું કે છેલ્લા દિવસના પ્રસ્તાવમાં ૧ કલાકનો સમય છે ત્યારે ચર્ચા કરીશું. કોંગ્રેસના ધારાસભ્યોએ 'ગૃહમાં ન્યાય આપો, ન્યાય આપો'ના સૂત્રોચ્ચાર કર્યા હતા. આમ વિધાનસભા ગૃહના ચોમાસુ સત્રનો બીજો દિવસ પણ હોબાળો શરૂ થયો હતો. વિપક્ષના ધારાસભ્યોએ લંપી વાઈયરસ અગે ચર્ચા માટે યોગ્ય સમય માગ્યો. જોકે પહેલાં સમય ન માગ્યો હોવાથી અધ્યક્ષે સમય ના આપ્યો. આ બાદ કોંગ્રેસના ધારાસભ્યોએ વૉકઆઉટ કર્યો હતો.

ગુજરાત વિધાનસભા ગૃહની શરૂઆત તોફાની રીતે થઈ હતી. પ્રથમ દિવસની શરૂઆતમાં જ કર્મચારીઓના મુદ્દે કોંગ્રેસે ગૃહ બહાર અને ગૃહની અંદર સૂત્રોચ્ચાર, બેનર પ્રદર્શિત કરીને વિરોધ વ્યકત કર્યો હતો. અધ્યક્ષે વેલમાં ધસી આવનારા ધારાસભ્યોને સસ્પેન્ડ કર્યા હતા, એ પછી વિપક્ષના દરેક સભ્યોએ ગૃહત્યાગ કર્યો હતો. જોકે એ પછી હાથ ધરાયેલી પ્રક્રિયામાં વિપક્ષે જ ઢોર નિયંત્રણ વિધેયક પાછું ખેંચવું જોઈએ એવો પ્રસ્તાવ મૂકતા મંત્રીએ બિલ પાછું ખેચવા દરખાસ્ત કરી હતી, જે સર્વસંમતિથી ત્વરિત પસાર થઈ હતી.

લાઠી વિધાનસભા બેઠકના કોંગી ધારાસભ્ય વીરજી ઠુમ્મરે સુધારા વિધેયક પર પોતાનો મત રજૂ કરતાં ગૃહમાં કહ્યું હતું કે યુવા ધન બીજા રવાડે ના ચડે એ માટે આતંકી કાયદા કડક બનાવવા જોઈએ. તપાસ એ થવી જોઈએ કે ડ્રગ્સ ખરીદી કોણ રહ્યાં છે? ડ્રગ્સ જેવી પ્રવૃત્તિ સાથે જોડાયેલા લોકોને તાત્કાલિક ફાંસીની સજા આપવા પણ ઠુમ્મરે માગ કરતાં વધુમાં કહ્યું હતું કે ડ્રગ્સની સ્થિતિ જોવી હોય તો સિંધુ ભવન રોડ પર આવો. તમને જોવા મળશે કે યુવાનો શું કરી રહ્યાં છે? તેમની કેવી સ્થિતિ છે?

# લુણાવાડા કોટેજ ચોકડી પાસે તુફાન ગાડીની અડફેટે રાહદારીનું મોત




તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
લુણાવાડા કોટેજ ચોકડી પાસે તુફાન ગાડીના ચાલકે પોતાનું વાહન બેફિકરાઈ પૂર્વક હંકારી લાવી રોડ સાઈડે ચાલતા રાહદારીને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોચાડતા ઘટના સ્થળે મોત નિપજાવ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ લુણાવાડા કોટેજ ચોકડી પાસે તુફાન ગાડીનો ચાલકે પુરઝડપે બેફિકરાઈ પૂર્વક પોતાનું વાહન હંકારી લાવી રોડ સાઈડમાં ચાલતા જતા રાહદારીને અડફેટમા લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ગંભીર ઈજાઓ થતાં રાહદારીનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. અકસ્માતની ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. અકસ્માતમાં મરણ જનાર રાહદારીની તપાસ કરતાં હડમતીયા ગામનો હોવાનું જાણવા મળ્યું છે. લુણાવાડા પોલીસે તુફાન ગાડીના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરામાં માનવતા મહેકી ગોધરાના ભીલ અને ગરીબ પરીવારના દીકરાનું ઓપરેશન કરાવતા ગોધરા મુસ્લિમ સમાજના અગ્રણી



ગોધરા,
ગોધરા ખાતે બામરોલી રોડ ઉપર રહેતા ભીલ રણછોડભાઈ રમેશભાઈ તેમને બાળપણ થી જમણી આંખમાં ઉપરના ભાગમાં (નુયૂરોફાઈઓ મેટોસિસ) હીમોજીઓમા નામની બીમારી થઈ હતી. તેઓની જમણી આંખની ઉપર ચામડીના ખર લડકી જવાથી દેખાવાનું બધં થઈ ગયું હતું. જેના કારણે તેઓ હેરાન પરેશાન થઈ રહ્યા હતા અને પરીણામમાં રોજીંદા કામમાં તેઓને અડચણરૂપ બનતો હતો. આ ઓપરેશનનો ખર્ચ લાબો હોવાથી આ ગરીબ પરીવારના લોકો કરાવી શકે તેમ ન હતી અને તેઓ દવાખાનાના ધરમ ધક્કા ખાઈ રહ્યા હતા. તે વખતે મુસ્લિમ સમાજના અગ્રણી અને ઉધોગપતિ હાજી ફિરદોસ કોઠી દવાખાના ખાતે એક કામ અર્થે ગયા હતા. ત્યારે તેઓની નજર ભીલ રણછોડભાઈ રમેશ ભાઈ પડી હતી અને તેઓ રમેશભાઈને બીમારી વિશે પૂછતાં તેઓ એ જણાવ્યુ હતું કે, મને બાળપણ થીજ આ બીમારી છે અને ઓપરેશન કરવા માટે ખર્ચ કરવામાં અમો સક્ષમ નથી. જેથી ગોધરાના મુસ્લિમ સમાજના અગ્રણી ફિરદોસ કોઠી દ્વારા આ ગરીબ પરિવારનાં સભ્યને પોતાના સદર ખર્ચએ ઓપરેશન કરાવી આપી સદ્દભાવનાની મિસાલ ઉભી કરી.

# ગોધરા ખાતે ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટના સહયોગથી ફૂડ બિઝનેસ ઑપરેટર ટ્રેનિંગ કેમ્પ યોજાયો




ગોધરા,
પંચમહાલ જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટના સહયોગથી ઈન્ડિયન ફૂડ સોલ્યુશન અને ગ્રીન ગતિ દ્વારા અત્રેના જિલ્લાના મુખ્ય મથક ગોધરા, જીઆઈડીસી હોલ ખાતે ખાણીપીણીની વસ્તુઓ, ફરસાણનો વેપાર કરતા વેપારીઓ માટે ફુડ બિઝનેસ ઑપરેટર ટ્રેનિંગ કેમ્પ યોજાયો હતો.

વેપારીઓ અને ગ્રાહકોમાં આરોગ્યને લઈને જાગૃતતા ફેલાય અને દરેક વ્યક્તિનું આરોગ્ય સચવાઈ રહે તે હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં વિડિયો પ્રેઝન્ટેશન સાથે ફુડ સેફ્ટી ઓન વ્હિલ્સની લેબોરેટરીમાં મરચું, તેલ, માવો,દૂધ,પાણી વગેરે ખાદ્યપદાર્થોનું ઓન ધી સ્પોટ ટેસ્ટીંગ અંગેની માહિતી આપવામાં આવી હતી. જેમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી જી.સી તડવી, ફુડ ઈન્સપેકટર મહેરા, ઈન્ડિયન ફૂડ સોલ્યુશન અને ગ્રીન ગતિના કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોંગ્રેસ છેલ્લા પાંચ વર્ષમાં એક પણ વખત કર્મચારીઓના પ્રશ્નોને લઈને સરકાર પાસે આવી નથી : જીતુ વાઘાણી

ગાંધીનગર,
કોંગ્રેસ છેલ્લા પાંચ વર્ષમાં એક પણ વખત કર્મચારીઓના પ્રશ્નોને લઈને સરકાર પાસે આવી નથી. આ ચૂંટણીનું વર્ષ છે એટલે કોંગ્રેસીઓને કર્મચારીઓ અને તેમના પ્રશ્નોને વાચા આપવા માટેનો ભાવ જાગ્યો છે એમ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું. મંત્રી જીતુભાઈ વાઘાણીએ ઉમેર્યું કે, ચૂંટણીનું વર્ષ હોવાથી કોંગ્રેસીઓ કર્મચારીઓના પ્રશ્નોને રાજકીય સ્વરૂપ આપી રહ્યા છે. ચર્ચા કરવા માટે વિધાનસભા ગૃહની ગરિમા પણ ન જાળવી શકેલા કોંગ્રેસીઓ કર્મચારીઓના પ્રશ્નોના ઉકેલ માટે નહીં પરંતુ તેને ગેરમાર્ગે દોરવા માટે આ કોંગ્રેસીઓ કર્મચારીના પડખે હોવાનો ડોળ કરી રહ્યા છે. આ તમામ હમદર્દી તેમની માત્ર વોટ માટે છે. વિધાનસભા ગૃહમાં ચર્ચામાં ભાગ લેવાની જગ્યાએ કોંગ્રેસીઓએ પોતાની દોગલી માનસિકતા છતી કરી છે તેમ કહી તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસીઓને લોકો સાથે સંબંધ રહ્યા નથી. મીડિયા સમક્ષ આવી દેખાવો કરી કર્મચારીઓ અને પ્રજાને ગેરમાર્ગે દોરવાનું કામ આ કોંગ્રેસીઓ કરી રહ્યા છે. કોંગ્રેસ સાથે પ્રજાજનો નથી તેમના નેતાઓ નથી અને તેમના કાર્યકરો પણ હવે કોંગ્રેસ પક્ષથી મોઢું ફેરવી રહ્યા છે. નાગરિકોને અમારા પર વિશ્વાસ છે, અમે તેમનો વિશ્વાસ જાળવી રાખ્યો છે અને જાળવી રાખીશું. આગામી વિધાનસભામાં પણ અમને ગુજરાતની પ્રજા આવો જ સાથ અને સહકાર આપશે તેવો આત્મવિશ્વાસ છે. રાજ્યના હિત અને પ્રજાના હિતને આ સરકારે હંમેશા પ્રાધાન્ય આપ્યું છે તેવું કહી તેમણે ઉમેર્યું હતુંકે, રાજ્યના વિકાસમાં કર્મચારીઓનો અમૂલ્ય સહયોગ છે, તેમજ કર્મચારીઓ અમારા પરિવારના સભ્યો જ છે.

## આપની આજ.......

મેષ : આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય.

વૃષભ : આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે.

મિથુન : આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્ક : આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે.

સિંહ : આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

કન્યા : આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે. નવા સુંદર વસ્ત્રો પ્રત્યેત તમારું ખેંચાણ વધશે.

તુલા : ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે.

ધનુ : આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બનશે.

મકર : આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે.

મીન : આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે. વાતચીતમાં સંયમ રહે અને સમજીને વાતો કરો. કોઈ સંપત્તિને લઈને પરિવારમાં વિવાદની સ્થિતિ ઊભી થઈ શકે છે.

# ગુજરાત વિધાનસભામાં ગુજરાત વિદ્યુત ઉદ્યોગ વિધેયક ૨૦૨૨ સર્વાનુમેત પસાર કરવામાં આવ્યું



ગાંધીનગર,
ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) ૨૦૦૩ કાયદો રાજ્યમાં રાષ્ટ્રપતિની મંજૂરીથી તારીખ ૧૨.૫.૨૦૦૩ થી અમલમાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા વીજ અધિનિયમ ૨૦૦૩ જાહેર કરવામાં આવેલ જે તા.૧૦.૬. ૨૦૦૩થી અમલમાં છે.વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ ૧૮૫ અંતર્ગત આપણા રાજ્યનો આ કાયદો પણ અમલમાં રહે છે, તેથી તેની જોગવાઈ પણ અમલમાં છે. ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) ૨૦૦૩ના કાયદા અંતર્ગત કલમઃ-૧૭ અને ૬૫ હેઠળ નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના કાર્યો નિર્ધારિત કરવામાં આવ્યા છે તથા નામદાર આયોગ આ કાયદા અને વીજ અધિનિયમ ૨૦૦૩ અંતર્ગત વિનિયમો કરી શકે છે અને ઘડે છે.

ઉદ્યોગ મંત્રી દેસાઈ એ ગુજરાત વિદ્યુત ઉદ્યોગ પુનર્ગઠન અને નિયમન-૨૦૨૨ની વિગતો આપતાં કહ્યું કે,આ એક્ટની કલમ-૫૪માં વીજ લાયસન્સી અને અન્ય વ્યક્તિ દ્વારા, ઉક્ત કાયદાની જોગવાઈ અથવા તે અંતર્ગત બનાવાયેલા નિયમો તથા તેની સૂચનાઓની જરૂરી પુર્તતા કે ભંગ બદલ, કોઈ પણ જાતના વાજબી કારણો વિના જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ જતાં, જો દોષિત ઠરતા, ત્રણ માસ સુધીની જેલની સજા અથવા મહત્તમ રૂપિયા બે લાખ સુધી અથવા બંનેની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે અને જો આવી જોગવાઈનો ભંગ ચાલુ રહે તો, નિયમની અમલવારીના દોષિત થયાના પહેલા દિવસથી રોજના રૂ.૧૦,૦૦૦/- લેખે દંડની જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈ, કાયદાની જોગવાઈ અને તેના હેઠળ ઘડાયેલ નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી છે. વિનિયમો સંચાલકીય પ્રકારના અથવા કાર્ય પધ્ધતિ સંબંધિત છે અથવા તો વીજ ચોરી, વીજ માલ-સામાનની ચોરી અને વીજ તંત્ર સાથે ચેડા વગેરેના છે. તેમણે ઉમેર્યુ કે,સમય સાથે અમલવારી દરમ્યાન એવી લાગણી વ્યક્ત કરવામાં આવી છે કે,જે વિનિયમો સંચાલકીય અથવા તો કાર્ય પધ્ધતિ સંબંધિત છે તેવાનો જાણ્યે - અજાણ્યે સુચારુ રીતે પાલન કરી શકાતા નથી. જેમ કે, વીજ વપરાશકર્તા દ્વારા પોતાના વીજ પરિસ્થાપનમાં વાપરવામાં આવતી થ્રી ફેઝ મોટર વીજ સંતુલિત ચાલે, થ્રી ફેઝ મોટરમાં નો વોલ્ટ રીલીઝ હોવું જોઈએ, વીજ પરિસ્થાપનમાં યોગ્ય વિજભાર વાપરવો, પાવર ફેક્ટર જાળવવો, વીજળીનો ઉપયોગ એવી રીતે કરવો કે જેથી બીજા ગ્રાહકોને વીજ વપરાશમાં અંતરાય ન આવે, વીજ પુરવઠાની ગુણવત્તા જળવાય તેવા સુધારાત્મક સાધનો વાપરવા એ અત્યંત જરૂરી છે. ભારત સરકાર દ્વારા વીજ કંપનીઓ તથા વીજ ઉદ્યોગોમાં પણ નવા આયામના સમાવેશના ભાગ રૂપે, ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) એક્ટ, ૨૦૦૩ અંતર્ગતની જોગવાઈ અને નિયમોના ભંગ બદલ જેલની સજાનું પ્રાવધાન ન સૂચવતા માત્ર ગંભીર પ્રકારના કૃત્યો માટે જેલની સજાનું પ્રાવધાન કરવાની બાબત વિચારણામાં લેવા સૂચન કરવામાં આવેલ છે.

મંત્રી એ કહ્યુ કે,ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન), એક્ટ ૨૦૦૩ની કલમ-૫૪માં વીજ લાયસન્સી અને અન્ય વ્યક્તિ દ્વારા, ઉક્ત કાયદાની જોગવાઈ અથવા તે અંતર્ગત બનાવાયેલા નિયમો તથા તેની સૂચનાઓની જરૂરી પુર્તતા કે ભંગ બદલ, કોઈ પણ જાતના વાજબી કારણો વિના જોગવાઈઓ નું પાલન કરવામાં નિષ્ફળ જતાં કે દોષિત ઠરતા ત્રણ માસ સુધીની જેલની સજા અથવા મહત્તમ રૂપિયા બે લાખ સુધી અથવા બંનેની સજાની જોગવાઈ કરવામાં આવી છે અને જો આવી જોગવાઈનો ભંગ ચાલુ રહે તો,નિયમની અમલવારીના દોષિત થયાના પહેલા દિવસથી રોજના રૂ.૧૦,૦૦૦/- લેખે દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ,કાયદાની જોગવાઈ અને તેના હેઠળ ઘડાયેલ નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી છે. તદઅન્વયે, ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન), એક્ટ ૨૦૦૩ની કલમ-૫૪ની જોગવાઈમાં જરૂરી સુધારો કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા વિચારણા કરવામાં આવી છે. તદઅનુસાર, કાયદેસર રીતે કરવામાં આવેલ અથવા આપવામાં આવેલ કોઈપણ આદેશ, નિર્દેશ અથવા માંગ-પત્ર/અધિગ્રહણનું પાલન ન કરવાના કૃત્યોને, કમિશન દ્વારા નીચી, મધ્યમ અને ઉચ્ચ એમ ત્રણ શ્રેણીમાં વર્ગીકૃત કરી અને આવા નીચી અથવા મધ્યમ શ્રેણીમાં વર્ગીકૃત કરાયેલા કૃત્યોને જેલની સજા લાગુ પડશે નહીં, એ મુજબનો જરૂરી સુધારો કરી, ડિ-ક્રીમીન લાઈઝ કરી, માત્ર ઉચ્ચ શ્રેણીમાં વર્ગીકૃત કરાયેલા કૃત્યોના ઉલ્લંઘન માટે જ જેલની સજાની જોગવાઈ આખરી કરવા અંગેનો સુધારો કરવાનો નિર્ણય કરવામાં આવેલ.

રાજ્ય સરકાર દ્વારા કાયદાના પાલનમાં સરળીકરણ કરવાના આશયથી તથા ગંભીર પ્રકારની જ જોગવાઈના ભંગ બદલ, જેલની સજાની જોગવાઈ આખરી કરવાનો નિર્ણય કરવામાં આવેલ અને તે અંતર્ગત ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) સુધારા બિલ, ૨૦૨૨ ઘડવામાં આવી છે. સૂચિત બિલની જોગવાઈઓ બંધારણના ૭માં શિડ્યુલની યાદી નં.૨ અને ૩માં આવે છે. બિલની જોગવાઈઓ કેન્દ્રિય કાયદાઓને સ્પર્શતી હોઈ, બંધારણની કલમ ૨૫૪-(૨) હેઠળ સદર સુધારા બિલ વિધાનસભામાં પસાર થયા બાદ માનનીય રાષ્ટ્રપતિ મહોદયની મંજૂરી માટે મોકલવામાં આવશે. આ ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) (સુધારા) વિધેયક - ૨૦૨૨ વિધાનસભા ખાતે સર્વાનુમતે પસાર કરાયું હતું.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લાના આઉટસોર્સિંગ કર્મચારીઓ દ્વારા સુત્રોચ્ચાર સાથે ચુંટણીમાં બીજેપીને મત ન આપવાના શપથ લીધા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ જિલ્લાના આઉટસોર્સિંગના કર્મચારીઓ છેલ્લા ૬ દિવસથી દાહોદ જિલ્લા સેવા સદન ખાતે પોતાની વિવિધ માંગણીઓને લઈ ભુખ હડતાળ ઉપર ઉતર્યા છે. ત્યારે આજરોજ આઉટસોર્સિંગના કર્મચારીઓ દ્વારા ભારે સુત્રોચ્ચારો કરી આગામી વિધાનસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીને મત નહીં આપવા તેમજ મત નહીં અપાવવા માટે શપથ ગ્રહણ કરવામાં આવ્યાં હતાં.

આંદોલનકારી કર્મચારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા લાખો યુવાનોને રોજગારી આપવાના દાવાઓ કરી અને કોન્ટ્રાક્ટ આઉટસોર્સિંગ ફિક્સ પગાર માનદવેતન ઈનસેન્ટિંગ જેવી નીતિઓ દ્વારા ગુજરાત સરકાર દ્વારા નોકરીઓ આપી અને ખૂબ જ નજીવું વેતન આપી એમનું શોષણ કરવામાં આવે છે. ગુજરાત વિધાનસભાના ધારાસભ્યો ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણીઓ પતી જતા જ એમને પગાર ઓછો પડતા તેમના પગારમાં ૪૫ હજાર જેટલાનો તોતિંગ વધારો કરી પગાર વધારો કરી નાંખે છે. ત્યારે નજીવા વેતનમાં આ સરકાર કર્મચારીઓને ૧૦,૦૦૦ જેટલું વેતન ચૂકવે છે. જેથી તેમને ગુજરાન ચલાવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પગાર વધારાની માંગ સાથે અને આઉટસોર્સિંગ પ્રથા બંધ કરી કોન્ટ્રાક્ટર પ્રથા બંધ કરી સમાન કામ અને સમાન વેતન આપવાની માંગ સાથે ગુજરાત સરકારમાં છ વર્ષોથી રજૂઆતો કરતા આવી રહ્યા છે. બંધારણની જોગવાઈઓ પ્રમાણે સમાન કામ સમાન વેતન આપવામાં આવે તેમ છતાંય સરકારી કર્મચારીઓનું ન સાંભળી અને સંવેદનશીલતાના દાવા કરનારી ગુજરાત સરકાર દ્વારા આઉટસોર્સિંગ કર્મચારીઓનું શોષણ કરવામાં આવે છે. તેવા આક્ષેપો મૂકી તેમની પડતર માંગણીઓને લઈને આઉટસોર્સિંગના કર્મચારીઓ ભૂખ હડતાલ ઉપર છે.

આજે આઉટસોર્સિંગના કર્મચારીઓને ભુખ હડતાળનો છઠ્ઠો દિવસ છે. ત્યારે આજરોજ આ કર્મચારીઓએ ભારે વિરોધ નોંધાંવી સરકાર વિરોધી સુત્રોચ્ચાર પોકાર્યાં હતાં અને આગામી વિધાનસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીને મત નહીં આપવા તેમજ અન્યને મત નહીં અપાવવાના શપથ ગ્રહણ કર્યાં હતાં જેમાં તેઓએ જણાવ્યું હતું કે, અમે ભારત માતાની સોગંધ લઈને શપથ લઈએ છીએ કે, ગુજરાતના લાખ્ખો યુવકોને ગરીબ અને ગુલામ બનાવના, કર્મચારીઓનું શોષણ કરનાર, ગરીબ વિરોધી, મહિલા વિરોધી, યુવાનો વિરોધી, નોકરીમાંથી કાઢી મુકવાની ધમકી આપનાર, પરિવાર વિરોધી ભારતીય જનતા પાર્ટીને ક્યારે મત આપીશ નહીં તેમજ વિધાન સભાની ચુંટણીમાં દાહોદના લોકોને જાગૃત કરી, સરકાર વિરૂધ્ધ મતદાન કરાવવા ભારત માતાની સાક્ષીએ પ્રતિક્ષા લીધી હતી.

# દાહોદ જિલ્લામાં ઓરડાની ઘટના પ્રશ્નનું સુઃખદ નિરાકરણ

દાહોદ, દાહોદ જિલ્લાની ૯ તાલુકામાં સમાવિષ્ટ ૧૬૪૭ પ્રાથમિક શાળાઓમાં ૧,૭૪,૮૮૬ વિદ્યાર્થીઓ અને ૧,૭૦,૪૧૮ વિદ્યાર્થીનીઓ એમ કુલ મળી ૩,૪૫,૩૦૪ બાળકો અભ્યાસ કરે છે. તે બાળકોના શૈક્ષણિક કાર્ય માટે ૧૧,૨૫૭ જેટલા શૈક્ષણિક કર્મચારીઓ ફરજ બજાવી રહયા છે. સદર બાળકો માટે શાળાની ભૌતિક સુવિધાઓ શ્રેષ્ઠત્તમ બનાવવા માટે દાહોદ જિલ્લામાં અનુક્રમે દાહોદ તાલુકાની ૧૧૮ પ્રાથમિક શાળાઓમાં ૪૨૬ નવીન વર્ગખંડો, દે.બારીયાની ૭૮ પ્રાથમિક શાળામાં ૨૪૭ નવીન વર્ગખંડો, ધાનપુર તાલુકાની ૫૫ પ્રાથમિક શાળામાં ૧૫૭ નવીન વર્ગખંડો, ફતેપુરાની ૬૭ પ્રાથમિક શાળામાં ૨૧૫ નવીન વર્ગખંડો, ગરબાડા તાલુકાની ૭૨ પ્રાથમિક શાળામાં ૨૭૮ નવીન વર્ગખંડો, લીમખેડા તાલુકાની ૪૨ પ્રાથમિક શાળામાં ૧૫૦ નવીન વર્ગખંડો, સંજેલી તાલુકાની ૨૭ પ્રાથમિક શાળામાં ૧૦૦ નવીન વર્ગખંડો, સિંગવડ તાલુકાની ૨૧ પ્રાથમિક શાળામા ૮૭ નવીન વર્ગખંડો અને ઝાલોદ તાલુકાની ૯૭ પ્રાથમિક શાળામાં ૩૫૪ નવીન વર્ગખંડો એકંદરે દાહોદ જિલ્લાની ૫૭૭ પ્રાથમિક શાળાઓમાં ૨૦૧૪ નવીન વર્ગખંડ શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે. તેમજ સદર ઓરડાઓની ટેન્ડર પ્રક્રિયા સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા તબ્બકાવાર હાથ ધરવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે, સદર ૨૦૧૪ વર્ગખંડો પૈકી ૧૯૭ ઓરડાઓના વર્કઓર્ડર અત્રેના જિલ્લાને મળેલ છે. સદર ૧૯૭ ઓરડાના કામ ત્વરિત શરૂ થનાર છે. તે પરત્વે તા.૨૮.૦૯.૨૦૨૨ના રોજ દાહોદ તાલુકાની ૦૬ પ્રાથમિક શાળાના ૨૧ વર્ગખડો (ખર્ચ રૂા.૨૯૮ લાખ) તથા ગરબાડા તાલુકાની ૧૧ પ્રાથમિક શાળાના ૫૦ વર્ગખંડો (ખર્ચ રૂા.૬૯૫ લાખ) તા.૨૯.૦૯.૨૦૨૨ના રોજ ઝાલોદ/સંજેલી તાલુકાની કુલ ૦૯ પ્રાથમિક શાળાઓમાં ૨૬ વર્ગખંડો (ખર્ચ રૂા.૩૩૦ લાખ) તથા સિંગવડ તાલુકાની ૧૧ પ્રાથમિક શાળાઓના ૩૯ વર્ગખંડો (ખર્ચ રૂા.૫૪૭ લાખ) તેમજ તા.૩૦.૦૯.૨૦૨૨ના રોજ ધાનપુર તાલુકાની ૩ પ્રાથમિક શાળાઓમાં ૧૧ વર્ગખંડો (ખર્ચ રૂા.૧૫૬ લાખ) અને લીમખેડા તાલુકામાં ૧૫ પ્રાથમિક શાળાઓમાં (ખર્ચ રૂા.૬૯૫ લાખ)આમ, કુલ ૫૫ પ્રાથમિક શાળાઓમાં ૧૯૭ નવીન વર્ગખંડો કુલ રૂા.૨૭૨૦ લાખના ખર્ચે નિર્માણ થનાર છે. તા.૨૮.૦૯.૨૦૨૨ના રોજ દાહોદ તાલુકાની જેકોટ પ્રાથમિક શાળા તથા ગરબાડા તાલુકાની નેલસુર ધાંટી પ્રાથમિક શાળા, તા.૨૯.૦૯.૨૦૨૨ના રોજ ઝાલોદ તાલુકાની કારઠ પ્રા.શાળા તથા સિંગવડ તાલુકાની તારમી પ્રાથમિક શાળા અને તા. ૩૦.૦૯.૨૦૨૨ના રોજ ધાનપુર તાલુકાની વાસીયાડુંગરી પ્રાથમિક શાળા અને લીમખેડા તાલુકાની વટેડા પ્રાથમિક શાળા ખાતે જશવંતસિંહ એસ.ભાભોર, (સંસદ સભ્ય, દાહોદ), રમેશભાઈ કટારા (દંડક, ગુજરાત વિધાનસભા), શીતલકુમારી બી.વાઘેલા (પ્રમુખ, જિલ્લા પંચાયત દાહોદ), પ્રફુલ્લભાઈ ડામોર (ચેરમેન, જિલ્લા શિક્ષણ સમિતી દાહોદ) સબંધિત તાલુકાના ધારાસભ્યઓ તથા અધિકારીઓની ઉપસ્થિતી હેઠળ ખાતમુર્હુત કાર્યક્રમ યોજાનાર છે.

સદર ઓરડાઓ મંજુર થતા દાહોદ જિલ્લાના શિક્ષણ જગતમાં અનેરો ઉત્સાહ જોવાઈ આવેલ છે. આશા રાખીએ કે આવનાર સમયમાં મંજુર થયેલ તમામ ૨૦૧૪ ઓરડાઓનાઓના વર્કઓર્ડર સત્વરે મળી જાય અને આજ પ્રમાણે દાહોદ જિલ્લાની અન્ય પ્રાથમિક શાળાની ભૌતિક સુવિધા અદ્યતન બનાવવાના પદાધિકારીઓ અને અધિકારીઓના પ્રયાસોને વેગ મળતો રહે.

# દાહોદ જિલ્લા ન્યાયાલય દ્વારા છ દિવસીય "આયુષ્યમાન ભારત કાર્ડ" કેમ્પ યોજાશે

દાહોદ, દાહોદ જિલ્લા ન્યાયાલય ખાતે જીલ્લા કક્ષાએ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા કક્ષાએ તાલુકા કાનૂની સેવા સમિતી ખાતે "પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્યમાન ભારત કાર્ડ" કાઢી આપવામાં આવશે.

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલાય, દાહોદ દ્વારા તા. ૨૬/૦૯/૨૦૨૨ થી ૧/૧૦/૨૦૨૨ દરમ્યાનના કેમ્પમાં જીલ્લા ન્યાયાલય, દાહોદના મીડીએશન સેન્ટર ખાતે 'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્યમાન ભારત કાર્ડ કઢાવવા માંગતા હોય તેવા લાભાર્થીઓએ જરૂરી દસ્તાવેજો જેવા કે, રેશન કાર્ડ, આધાર કાર્ડ, આવકનું પ્રમાણપત્ર (રૂા.૪ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા તેવા કુટુંબોએ કુટુંબના મુખ્ય વ્યકિતનો આવકનો દાખલો) તથા ૬૦ વર્ષના સીનીયર સીટીઝન માટે આવક મર્યાદા રૂા. ૬ લાખ રહેશે. જેમા આવકનો દાખલો તલાટી કમ મંત્રી, તાલુકા વિકાસ અધિકારી તથા મામલતદાનો હોવો જોઈએ.

જરૂરી ડોકયુમેન્ટ સાથે મડીએશન સેન્ટર, જીલ્લા અદાલત, છાપરી, દાહોદ ખાતે રૂબરૂમાં ફોર્મ ભરી તા.૨૬/૦૯/૨૦૨૨ થી ૦૧/૧૦/૨૦૨૨ સુધી ઓફિસ સમય દરમ્યાન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્યમાન ભારત કાર્ડ નોંધણીની કામગીરી હાથ ધરવામા આવશે. વધુમા વધુ લોકો આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુથી જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, છાપરી, દાહોદ દ્વારા જણાવવામાં આવે છે.

# ગરબાડા તાલુકા માં અત્યાર સુધીમાં ૪૦૦૦ પશુઓનું વેક્સિનેશન થયું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા, ગરબાડા તાલુકામાં ગાય અને બળદની અંદાજીત સંખ્યા ૪૫૦૦૦ જેટલી છે. હાલમાં ચાલી રહેલ લમ્પી વાયરસને લઈને જરૂરિયાત મુજબ તાલુકામાં ૪,૦૦૦ જેટલા પશુઓને વેક્સિનેશન અપાય છે. વધુમાં પશુચિકિત્સક ઉત્સવ ભાઈએ જણાવ્યું હતું કે, પશુને સારૂં ન થાય ત્યાં સુધી નિયમિત સારવાર આપવી પશુ માટે હિતાવત છે. સંક્રમિત પશુને અન્ય પશુઓથી અલગ રાખવો તેની ખાવા પીવાની સુવિધા અલગ રાખવી જેથી કરી અન્ય પશુઓને તેનો ચેપના લાગે પશુઓમાં પગે સોજા અથવા તો શરીર એ ચાઠા જેવા ચિન્હો જણાય તો તાત્કાલિક સારવાર કરાવી તેમજ જીવીકે ૧૯૬૨ નો સંપર્ક કરવો હિતાવત પશુ દવાખાને આવતા લોકોને તો તબિયત દ્વારા શું કાળજી રાખવી એને કઈ રીતની ટ્રીટમેન્ટ આપી તેની તમામ સમજણ આપવામાં આવે છે. તેમ છતાં અમુક લોકો નિયમિત આવે છે. તો જ્યારે અમુક લોકો નથી આવતા. ખરેખર પશુ જ્યાં સુધી સારૂં ન થાય ત્યાં સુધી તેને નિયમિત સારવાર આપવી હિતાવત ગણાય.

# ફતેપુરા તાલુકાના ધાનીખુટ પ્રા.શાળાની શાળા સ્થાપના દિનની ઉજવણી કરાઈ


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા, જિલ્લા શિક્ષણ સમિતિ દાહોદ સંચાલિત ફતેપુરા તાલુકાના ધાનીખુટ ગામે ધાનીખુટ પ્રાથમિક શાળાના ૬૬ માં સ્થાપના દિન નિમિતે શાળા દ્વારા શાળા જન્મ દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે ગ્રામજનો. વાલી સમુદાય શાળાના બાળકો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા..શાળાના બાળકોએ શાળા પરિસરને શણગારી શાળાને સુશોભિત કરી હતી. શાળામાં આ પ્રસંગે ગાયત્રી શકિતપીઠ માંથી ઉપસ્થિત ગાયત્રી પરિવારના સભ્યો દ્વારા મંત્રોચ્ચાર કરી શાસ્ત્રોકત વિધિ અનુસાર ગાયત્રી યજ્ઞ કરી શાળાના પરિસરને પવિત્ર બનાવ્યું હતું.

શાળામાં અભ્યાસ કરતા બાળકો યજ્ઞ વિધિમાં સહભાગી બન્યા હતા. ત્યારબાદ ધોરણ ૧ ના બાળકો દ્વારા કેક કાપી શાળા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી..આ પ્રસંગે બાળકો દ્વારા આતશબાજી કરી નાચ ગાન સાથે આનંદ મનાવ્યો હતો. ક્લસ્ટરના સી.આર.સી.કો.સુરેશભાઈ પંચાલે જણાવ્યું કે, શાળા શરૂ થયેથી ૬૬ વર્ષ પછી શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા થયેલ શ્રેષ્ઠ પ્રયાસ થકી આજે શાળા વટવૃક્ષ બની છે. બાળકોના સર્વાંગીણ વિકાસ માટે શાળા દ્વારા થતા શૈક્ષણિક અને સહભ્યાસિક પ્રવૃતિઓના માધ્યમથી આ શાળા વિસ્તારમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. શાળામાં બાળકોની ગેરહાજરીનું પ્રમાણ ઘટયું છે. ડ્રોઆઉટ રેશિયામાં ઘટાડો થયો છે અને વિસ્તારની સ્કૂલ ઓફ એકસેલન્સ શાળા તરીકે પસંદ થઈ છે.

આ પ્રસંગે શાળાના આચાર્ય કલ્પનાબેન રાજભોઈ દ્વારા સ્થાપના દિન કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ગ્રામજનો, મહેમાનો અને આજુબાજુના વિસ્તાર માંથી ઉપસ્થિત આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને આભાર વ્યક્ત કર્યો હતો. શાળાનો સમગ્ર સ્ટાફ અને મધ્યાહન ભોજન નો સ્ટાફ કાર્યક્રમમાં ખૂબજ ઉત્સાહપૂર્વક જોડાઈ અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તમામ બાળકો અને મહેમાનોએ મહાપ્રસાદીનો લાભ લઈ શાળા સ્થાપના દિન નિમિતે સમગ્ર શાળા પરિવારને શાળા સ્થાપના દિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

# ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ દ્વારા યુવાનોમાં દારૂ અને માદક દ્રવ્યોના વ્યસન અંગે જાગૃતિ અભિયાન




દાહોદ, તા.૨૨/૦૯/૨૦૨૨ ગુરૂવારના રોજ ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ દ્વારા આયોજીત યુવાનોમાં દારૂ અને માદક દ્રવ્યોના વ્યસન અંગે જાગૃતિ અભિયાનમાં આમંત્રિત કરેલ કૌશલ કિશોર, આવાસ અને શહેરી બાબતોના રાજય મંત્રી, ભારત સરકાર, નવી દિલ્હી, સાથે અક્ષતકાન્ત, (રાષ્ટ્રીય પ્રોગ્રામિંગ કન્વીનર) "નશા મુક્ત સમાજ અભિયાન આંદોલન કૌશલ કા, જેઓએ હાજરી આપી તથા આ કાર્યક્રમમાં ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલનો સ્ટાફ અને વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમનું આયોજન ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ દ્વારા માનનીય સી.ઈ.ઓ. ડો.સંજયકુમાર, ડીન ડો. સી બી ત્રિપાઠી, મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.ભરત હઠીલા, ડી.એમ.એસ. ડો.સુનિતા કુમાર, સી એફ ઓ પરેશ શાહ, જનરલ મેનેજર પ્રકાશ પટેલ, સિનિયર મેનેજર હેતલ રાવ, એચ.આર. મેનેજર કરણ શાહ ઝાયડસ ટીમ દ્વારા કરેલ હતું.

# દાહોદના સંવેદનશીલ મતદાન મથકોની મુલાકાત લેતા જિલ્લા ચૂંટણી અધિકારી અને એસપી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા એસ.પી. બલરામ મીણાએ ૧૩૩-ગરબાડા એસ.ટી. વિધાનસભા અને ધાનપુર તાલુકામાં સમાવિષ્ટ સંવેદનશીલ, ઓછા ટકાવારી ધરાવતા ૧૪ ગામોના ૨૩ મતદાન મથકોની મુલાકાત લીધી હતી અને મતદાન ટકાવારી કઈ રીતે વધે તે અંગે સબંધિત ચુંટણી અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતાં. તેમજ અહીંના ગ્રામજનો મોટી સંખ્યામાં મતદાન પ્રક્રિયામાં ભાગ લે તે માટે લોકજાગૃતિના કાર્યક્રમો મોટા પ્રમાણમાં યોજવા જણાવ્યું હતું.

દાહોદ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિક્ષકની મુલાકાત દરમિયાન ૧૩૩-ગરબાડા ચુંટણી અધિકારી બંને તાલુકાના મામલતદાર, સંબધિત પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ, સ્થાનિક ગામોના સરપંચઓ અને જે તે મતદાન સ્થળના બી.એલ.ઓ. ઉપસ્થિત રહ્યાં હતાં.

# દાહોદ જીલ્લામાં આરોગ્ય વિભાગના આશા ફેશીલીટર અને આશા વર્કર માસીક વેતન વધારાની માંગ સાથે DDO ને આવેદન આપ્યું




દાહોદ, દાહોદ જીલ્લાના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓ જેવા કે આશાફેશીલીટર, આશા વર્કર તથા સ્ત્રી આરોગ્ય સેવિકા તરીકે છેલ્લા ૧૦ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા હોઈ જેઓને નજીવો પગાર આપી વધુ કામગીરી કરાવવામાં આવતી હોવાના આક્ષેપો તેમજ માસિક વેતન સહિત પગાર વધારાની માંગ સાથે ગુજરાત જનરલ કામદાર એસોશીએશન દ્વારા દાહોદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ગુજરાત જનરલ કામદાર એસોસીએશન દ્વારા દાહોદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાનુસાર દાહોદ જિલ્લામા આરોગ્ય વિભાગમાં આશાફેશીલીટર તથા આશા વર્કર તરીકે કામ કરતા કર્મચારીઓ છેલ્લા ૧૦ વર્ષથી તેઓની કામગીરી બજાવી રહ્યા છે. તેઓને ચુકવવામાં આવતુ વેતન નજીવું હોઈ અને મળવાપાત્ર કાયદાપ્રમાણે વેતન મળતુ ન હોઈ જેથી પોતાનુ અને પરિવારનુ ગુજરાન ચલાવવુ આવી મોંઘવારીમાં મુશ્કેલ બની રહ્યુ છે, માટે ઉપરોકત કર્મચારીઓના વેતનમાં વધારો, કામનું ભારણ ઓછુ કરવા, પગાર ધારાધોરણ મુજબ નક્કી કરવો, તેમજ ગુજરાત સરકાર દ્વારા લઘુત્તમ વેતનનો અમલ થાય તે માટે ઘટતી કાર્યવાહી કરવાની રજુઆત કરવામાં આવી હતી. જો ઉપરોક્ત કર્મચારીઓની માંગણીઓનું સરકાર દ્વારા સત્વરે યોગ્ય નિકાલ કરવામા નહી આવે તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે જવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

# દાહોદ જિલ્લાની શાળાઓમાં ૧૭૦૦ બાળકોએ કરી વિશ્વ શાંતિ માટે પ્રાર્થના



દાહોદ, પિરામલ ફાઉન્ડેશન દ્વારા દાહોદ અને લીમખેડા તાલુકા ની કુંડળી મુખ્ય, માનલી મુખ્ય, આંતરસુબા, દુધિયાધરા, મોટી રાણપુર, મોહન ફળિયા પ્રાથમિક શાળાઓ માં ૨૧ સપ્ટેમ્બર, વિશ્વ શાંતિ દિવસ મનાવાયો. જેમાં ૧૭૦૦ બાળકો ૫૦ થી વધુ શિક્ષકો, ક્લસ્ટર કો.ઓ. સાથે મળીને વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરી હતી. સાથે જ પિરામલ ટીમ દ્વારા બધાં ભેદભાવ મિટાવી સૌ એકરૂપે વિશ્વ શાંતિ માટે ના પ્રયાસો કરવા જોઈએ તેવી સમજણ અપી હતી. આ સાથે જ શાળા ના બાળકોએ વિશ્વ શાંતિ દિવસ થીમ પર ચાર્ટ પણ તૈયાર કર્યા હતા.

# દાહોદના નવાગામ પાસે બાઈક ઉપર પસાર થતાં દંપતિના પાછળ બાઈક આવેલ ચોર ઈસમોએ મહિલાના ગળામાં ચેઈનની લુંટ કરી ફરાર

દાહોદ, દાહોદ તાલુકાના નવાગામ ખાતે એક મોટરસાઈકલ પર પસાર થઈ રહેલ દંપતિને મોટરસાઈકલ પર આવેલ બે અજાણ્યા ચોર ઈસમોએ મોટરસાઈકલની પાછળ બેઠેલ મહિલાના ગળામાંથી રૂા.૩૫,૦૦૦ની કિંમતની સોનાની ચેઈન ઝુટવી નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામ્યો છે.

ગત તા.૧૮મી સપ્ટેમ્બરના રોજ નવાગામ ખાતે રહેતાં સંધ્યાબેન દિનેશભાઈ હિંહોર તેમના પતિ દિનેશભાઈ સાથે મોટરસાઈકલ પર સવાર થઈ નવાગામ ચાર રસ્તા પરથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે એક મોટરસાઈકલ પર સવાર થઈ આવેલ બે અજાણ્યા ચોર ઈસમોએ દિનેશભાઈની મોટરસાઈકલને લાત મારતાં દિનેશભાઈએ મોટરસાઈકલ ધીમી પાડતાં ચોર ઈસમોએ મોટરસાઈકલની પાછળ બેઠેલ સંધ્યાબેને ગળામાં પહેરી રાખેલ આશરે પોણા બે તોલા સોનાની ચેઈન કિંમત રૂા. ૩૫,૦૦૦ ની ઝુટવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે સંધ્યાબેન દિનેશભાઈ હિંહોર કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડા નગરમાં નલ સે જલ યોજના અંતર્ગત ગામના રસ્તા ખોદવામાં આવ્યા



ગરબાડા, ગરબાડા નગરમાં અંદાજિત દોઢ બે માસ પહેલા નલ સેજલ યોજનાની પાઈપ લાઈન નાખવા માટે ગામના રસ્તા ખોદી નાખવામાં આવ્યા હતા. રસ્તાનું ખોદકામ કર્યા બાદ ગ્રામ પંચાયત દ્વારા નવીન પાઈપલાઈન માટે જિલ્લામાં આ બાબતની રજૂઆત કરવામાં આવી હતી. ખરેખર જો ગ્રામ પંચાયત નવીન પાઈપ લાઈન નાખવી જ હતી, તો ગામના રસ્તા એક- દોઢ માસ પહેલા ખોદવાની જરૂર ન હતી. હાલમાં નલ સેજલ યોજનાની કામગીરી પણ બાકી છે અને હાલ નવી નળ લાઈનની મંજૂરીની રાહ જોવામાં આવી રહી છે. પરિણામે લોકોએ ખરાબ રસ્તાની હલાકી ભોગવી પડી રહી છે. હાલ નવરાત્રીનો તહેવાર હોય જેને ધ્યાનમાં રાખીને ગામના રસ્તાનું નવીનીકરણ અથવા મેન્ટેનન્સ થાય તે માટે ગ્રામજનોએ ગરબાડા ગ્રામ પંચાયતમાં લેખિત રજૂઆત કરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.29

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લા ખાતે રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના સેક્રેટરી, સહપ્રભારીની અધ્યક્ષતામાં પાંચ બેઠકોના દાવેદારોના સેન્સ લેવામાં આવ્યા



સેન્સ પ્રક્રિયા દરમિયાન દાવેદારોને સાંભળવામાં આવ્યા

ગોધરા,

વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે. ત્યારે તમામ રાજકીય પક્ષોએ કમર કસી લીધી છે. તમામ પક્ષો પોતાના ઉમેદવારો નક્કી કરવા માટે પ્રદેશ અને રાષ્ટ્રીય કક્ષાના નેતાઓને સંગઠનની જવાબદારીઓ આપી મેદાને ઉતારી દીધા છે. ત્યારે આજરોજ અખિલ ભારતીય રાષ્ટ્રીય કાંગ્રેસના સેક્રેટરી અને ગુજરાતના સહપ્રભારી ઉષા નાયડુની અધ્યક્ષતામાં મળેલી એક પેનલે ગોધરા ખાતે પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે કોંગ્રેસના દાવેદારોના સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

કોંગ્રેસ દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીઓને લઈ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જેના ભાગરૂપે પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ગોધરા, શહેરા, મોરવા હડફ, કાલોલ, હાલોલ માટે દાવેદારોને સાંભળવા માટે અખિલ ભારતીય રાષ્ટ્રીય કાંગ્રેસના સેક્રેટરી અને મધ્ય ગુજરાતના પ્રભારી ઉષા નાયડુ, પૂર્વ કેન્દ્રીય મંત્રી તુષાર ચૌધરી, અને રાજ્યસભાના સભ્ય અમીબેન યાજ્ઞિક, ચિરાગ શેખ સહિતની બનેલ પેનલના નેતાઓ ગોધરા ખાતે આવી પહોંચ્યા હતા. કોંગ્રેસના દાવેદારોની સેન્સ પ્રક્રિયા માટે આજરોજ ગોધરા ખાતે મળેલી બેઠકમાં પંચમહાલની પાંચેય વિધાનસભા બેઠકોના અલગ અલગ ૫૬ કરતા વધુ દાવેદારોએ ઉમેદવારી માટે પોતાના દાવાઓ રજૂ કર્યા હતા.

પંચમહાલની કુલ ૫ બેઠકો જેમાં ગોધરા, હાલોલ, કાલોલ, મોરવા હડફ, શહેરા વિધાનસભા બેઠકોનો સમાવેશ થાય છે. જેની પ્રાથમિક યાદીમાં ૫૬ જેટલાં દાવેદારોએ પોતાના નામોની દાવેદારી કરેલ છે. ત્યારે આજ રોજ કોંગ્રેસની સમિતિની સમક્ષ દાવેદારોને વન ટુ વન સાંભળવામાં આવ્યા હતા. ત્યારબાદ નજીકના સમયમાં ઉમેદવારના નામો નક્કી કરવામાં આવશે. ત્યારે એક તરફ ગોધરા વિધાનસભા માટેના દાવેદાર અને ગત ચુંટણીમાં ભાજપના સી.કે.રાઉલજીની સામે ચુંટણી લડી માત્ર ૨૬૮ વોટની નજીવા મતોથી હારેલ એવા રાજેન્દ્ર પરમારની ફરીવારની ઉમેદવારી સામે વિરોધ દર્શાવતા પોસ્ટરો ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં જોવા મળ્યા. જેના લીધે પંચમહાલના રાજકારણમાં ગરમાવો વ્યાપ્યો હતો. જોકે, આ મામલે જિલ્લા કોંગ્રેસ પ્રમુખે તેઓની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, પ્રતિસ્પર્ધી પાર્ટીઓ ભાજપ અને આપ દ્વારા આ પ્રકારનું કાર્ય કરવામાં આવ્યું હોઈ શકે છે, પરંતુ ખરેખર આ પોસ્ટર કોણે લગાવ્યા છે. એ તપાસનો વિષય છે. જ્યારે ગુજરાતના સહ પ્રભારી ઉષા નાયડુ એ આ મામલે તેઓ અજાણ હોવાનું કહી વાત ને ટાળી હતી.

દાવેદારોના સેન્સ લેવા આવેલ ઉષા નાયડુ એ જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસની જાહેરાત અનુસાર આગામી ૨૪,૨૫,૨૬ તારીખો દરમ્યાન કોંગ્રેસ સમગ્ર રાજ્યમાં બુથ લેવલે જશે. કોંગ્રેસના મેનિફેસ્ટો અને રાહુલ ગાંધી એ આપેલા ૮ વચનો લોકો સુધી પહોંચાડવાની કામગીરી કોંગ્રેસ દ્વારા કરવામાં આવશે. ગુજરાતની હાલની સ્થિતી અને ચાલી રહેલ આંદોલન અંગે ટિપ્પણી કરતા ઉષા નાયડુ એ કોંગ્રેસ આવશે તો સરકારી નોકરીઓ આપવાની વાત કરી હતી. સાથે જ આગામી વિધાનસભા ચૂંટણી માટે દાવેદારો નક્કી કરવા માટે સ્ક્રિનિંગ કમિટીની રચના થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું. જો કે ઉમેદવારની યાદી જાહેર કરવાની વાત અંગે મીડિયા એ સવાલ કરતા ઉષા નાયડુ એ ચાલતી પકડી હતી.

ગોધરા કોંગ્રેસ પક્ષના ગત વિધાનસભાના ઉમેદવાર રાજેન્દ્રસિંહ પરમારના વિરોધમાં પશ્ચિમ વિસ્તારમાં બેનરો લગાડવામાં આવ્યા છે. શહેરમાં વિરોધમાં લાગેલ બેનરો બાબતે રાજેન્દ્રસિંહ પરમાર એ પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, આવા બેનરો ભાજપ દ્વારા લગાડવામાં આવ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો. મારી વિરૂદ્ધ બેનરો કોણે લગાવ્યા. તેની ખબર નથી પણ બીજેપીનું ષડયંત્ર કર્યાના આક્ષેપ કર્યા સાથે ગોધરા વિધાનસભા બેઠક માટે પોતે ઉમેદવાર હોવાની વાત કરી હતી.
**: રાજેન્દ્રસિંહ પરમાર :**




જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા સેન્સ લેવામાં આવ્યા છે અને તમામ પાંચ વિધાનસભા બેઠક ઉપર ૫૬ જેટલા ઉમેદવારોએ વિવિધ બેઠકો ઉપર થી પોતાની દાવેદારી નોંધાવી છે. ટુંક સમયમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા ઉમેદવારોને લઈ જાહેરાત કરશે તેવી માહિતી સામે આવી છે. તે પહેલા ગોધરા વિધાનસભા બેઠક માટે દાવેદાર ઉમેદવારોની ચર્ચા થાય તે પહેલા ગોધરા કોંગ્રેસ પાર્ટીના પૂર્વ ઉમેદવાર રાજેન્દ્ર પરમારને લઈ અત્યારથી વિરોધ સાથેના શહેરમાં બેનરો લગાડવામાં આવ્યા છે. બેનરોમાં વેચાઈ જાય તેવા ઉમેદવાર નહિ ચાલે.... રાજેન્દ્રસિંહ પરમાર નહિ ચાલે... ૧૯૮૫ થી ૨૦૧૭ સુધી વિધાનસભા ચુંટણી હાર્યા છે. તેવા સુત્રો સાથે બેનરો લગાવીને વિરોધ કરવામાં આવી રહ્યા છે. ગોધરા વિધાનસભા બેઠક માટે કોંગ્રેસના પ્રબળ ઉમેદવાર હોય તેવા રાજેન્દ્રસિંહ પરમારના વિરોધ સાથે બેનરો કયા ઉદ્દેશ થી લગાવવામાં આવ્યા છે. તેની વિગતો સામે આવી નથી પરંતુ વિધાનસભા ચુંટણી જાહેરાત પહેલા કોંગ્રેસમાં રાજકારણ ગરમાયું છે.

# કાલોલના ડેરોલ સ્ટેશન રોડ વિસ્તારના બિનઅધિકૃત ૧૫ જેટલા બાંધકામો દુર કરવા મામલતદાર કચેરીએ નોટીસ આપી



કાલોલ,

કાલોલ નગર પાલિકા હદ વિસ્તારમાં આવતા ડેરોલ સ્ટેશન રોડપરના બિનઅધિકૃત બાંધકામો દુર કરવા મામલતદાર કચેરી દ્વારા ૧૫ ઉપરાંતના કોમ્પલેક્ષના માલિકો અને વેપારીઓને નોટીસ આપવામાં આવતા રાજકીય માહોલ ગરમાયો.

કાલોલ નગર પાલિકા હદ વિસ્તારમાં આવતા ડેરોલસ્ટેશન રોડ વિવાદિત કોમ્પલેક્ષના દુર કરવાના જિલ્લા કલેકટરના આદેશોને લઈ કોમ્પ્લેક્ષ માલિક દ્વારા પોતાના સમાજ સાથે ટુંક સમય પહેલા પંચમહાલ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી પોતાના સમાજના એક વ્યક્તિને સમાન હક્ક આપવા બાબતે જિલ્લા કલેકટર ખાતે ૧૫ ઉપરાંતના બિનઅધિકૃત બાંધકામો સામે પણ યોગ્ય કાર્યવાહી કરવા માટે રજુવાત કરતા જિલ્લા તંત્ર દ્વારા કાલોલ મામલતદાર કચેરી ખાતે હુકમ કરી ડેરોલ સ્ટેશન રોડ પરના તમામ કોમ્પ્લેક્ષના માલિકો તેમજ કોમ્પ્લેક્ષમાં વેપાર કરતા ભાડુઆતને પોતાના પુરાવાની ખરાઈ કરી બિનઅધિકૃત બાંધકામને દુર કરવા માટેની નોટીસ આપવામાં આવતા વેપારીઓ ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. જોકે, કાલોલ નગરવિસ્તારમાં આવેલ કોમ્પ્લેક્ષના વિવાદિત પ્રશ્નને પગલે નજીકમાં આવતી વિધાનસભાની ચુંટણીના રાજકીય પક્ષોમાં પણ ગરમાવો જોવા મળશે કે કેમ ? જ્યારે જિલ્લા કલેકટરના હુકમોને આધારે સત્વરે તપાસ કરી જો કામગીરી કરવામાં આવશે તો રાજકીય પક્ષના મોટા માથાઓના પગ નીચેથી ચાદર સરકે નહીં તે માટે રાજકીય આકાઓ મામલાને સમેટવાના પ્રયત્ન કરશે કે કેમ ? તે પણ હવે જોવું રહ્યું. જોકે, કાલોલ નગર પાલિકા વિસ્તારમાં બિનઅધિકૃત બાંધકામ સામે નગરના જ એક જાગૃત નાગરિક દ્વારા કોમ્પલેક્ષ દૂર કરવા માટે અરજીઓ કરવામાં આવી હતી. પરંતુ હાલ પણ તોતિંગ કોમ્પ્લેક્ક્ષ જોવા મળી રહે છે.

**ડેરોલ સ્ટેશન રોડના ૧૫ જેટલા બાંધકામો દુર કરવા નોટીસ આપતા રાજકારણ ગરમાયું**

# ગોધરા કોલેજ ખાતે વેલકમ સમારોહ તથા ઈતિહાસ ડિપાર્ટમેન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું



ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા અને શેઠ પી.ટી. આટ્‌ર્સ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરાના ઈતિહાસ વિભાગ દ્વારા M.A. Semester-1 ના વિદ્યાર્થીઓનો આવકાર સમારોહ યોજાયો. જેના ઉદઘાટક તરીકે પ્રો. પ્રતાપસિંહ ચૌહાણએ ડિપાર્ટમેન્ટનું ઉદઘાટન કરતા જણાવ્યું હતું કે, આ વિસ્તારના દરેક વિદ્યાર્થીઓને ઘર આંગણે શિક્ષણ મળે તેમજ વિદ્યાર્થી તેજસ્વી બને તેમજ સંઘર્ષ કરી આગળ વધે એવા આશીર્વચન આપ્યા.

આ કાર્યક્રમમાં સંસ્થાના આચાર્ય ડો.એમ.બી. પટેલે મહેમાનોને આવકારી નવીન વિદ્યાર્થીઓને આગળ વધવા શુભેચ્છાઓ પાઠવી હતી. વધુમાં ડિપાર્ટમેન્ટના તમામ વિદ્યાર્થીઓને જરૂરી સુવિધા પૂરી પાડવાની ખાતરી આપી હતી.

વિભાગના અધ્યક્ષ એવા ડો. સુરેશ ચૌધરી દ્વારા કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મહાવીરસિંહ ડાભી, Ac મેમ્બર કમલેશભાઈ પરમાર, Ac મેમ્બર જોરાભાઈ પટેલ સીમલીયા કોલેજ, દક્ષાબેન પટેલ કોઠંબા, દિલીપ યાદવ ઝાલોદ, રાજેશ મહેતા–પીપળીયા, મહેશભાઈ રાઠવા, સાબત પટેલ કાકણપુર, કનુભાઈ પરમાર–વાઘજીપુર તેમજ વિવિધ કોલેજના અધ્યાપકોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કાર્યક્રમને અંતે રેણુકાબેન પટેલે સૌનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે વિભાગ અધ્યક્ષ ડો. સુરેશ ચૌધરી એ જેહમત ઉઠાવી હતી. કાર્યક્રમને અંતે ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સ્વરૂચિ ભોજન લીધું હતું. તેમજ Dj ના તાલે ગરબા રમી કાર્યક્રમની મજા માણી હતી.

## આગામી નવરાત્રિને લઈને પાવાગઢ ખાતે નવરાત્રી મેળા ૨૦૨૨નું ઉદ્‌ઘાટન કરાયું



ગોધરા,

આગામી તારીખ ૨૬ સપ્ટેમ્બરથી સમગ્ર રાજ્યમાં ધામધૂમથી નવરાત્રી ઉજવાશે તેના ભાગરૂપે નવરાત્રી મહોત્સવ ૨૦૨૨ અંતર્ગત પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ચાંપાનેર પાવાગઢ ખાતે નવરાત્રી મેળા ૨૦૨૨નું ઉદ્ઘાટન કરાયું છે. નવરાત્રી પર્વને ધ્યાને રાખી જાહેર જનતા માટે જિલ્લાની સ્વસહાય જૂથની બહેનો દ્વારા ઉત્પાદિત અવનવી ચીજ વસ્તુઓની ખરીદી કરે અને જૂથની બહેનોને આર્થિક રીતે સધ્ધર બનાવવાના ઉમદા આશયથી મહિલાઓની આજીવિકા અને સશક્તિકરણ માટે નવરાત્રી મહોત્સવના ભાગરૂપે તારીખ ૨૧ સપ્ટેમ્બરથી તારીખ ૨૭ સપ્ટેમ્બર સુધી ચાંપાનેર, પાવાગઢ એસટી ડેપો ખાતે સ્વ સહાય જુથની બહેનો દ્વારા સ્ટોલ ઊભા કરાયા છે. આ નવરાત્રી મેળાના ઉદ્ઘાટન પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર, હાલોલ તાલુકા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ ચાવડા, હાલોલ તાલુકા વિકાસ અધિકારી તેજલબેન રાણા, ડી.એલ.એમ. ભાવનાબેન બારીયા, એન.આર.એલ.એમ મિશન મંગલમ યોજના ડી.આર.ડીએના કર્મચારીઓ સહિત ગ્રામલોકો ઉપસ્થિત રહ્યા હતા.

## આગામી તારીખ ૨૬ સપ્ટેમ્બરના રોજ ગોધરા સ્થિત BRGF ભવન ખાતે રોજગાર નિમણુંક પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાશે

ગોધરા,

આગામી તારીખ ૨૬ સપ્ટેમ્બરના રોજ ગોધરા સ્થિત બી.આર.જી.એફ ભવન હોલ ખાતે સવારે ૯ કલાકે જિલ્લા વહીવટી તંત્ર અને રોજગાર કચેરીના ઉપક્રમે તથા રાજ્ય આરોગ્યમંત્રી નિમિષાબેન સુથાર તથા જિલ્લા પંચાયત પ્રમુખની ઉપસ્થિતીમાં રોજગાર/એપ્રેન્ટીસ નિમણુંક પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાશે. જેમાં જિલ્લામાંથી રોજગારી મેળવેલ ઉમેદવારોને નિમણુંકપત્ર આપવામાં આવશે.

## શહેરા તાલુકાના ખાંડીયા-૧ના તલાટી કમ મંત્રીને ફરજ ઉપર નિષ્કાળજી માટે ફરજ મોકુફીના હુકમ : શહેરા TDO દ્વારા કરાયો

ગોધરા,

શહેરા તાલુકાના ખાંડીયા–૧ ખાતે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા કર્મચારીને ફરજ પ્રત્યેની ગંભીર નિષ્કાળજી રાખતા ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો મુજબ તલાટી કમ મંત્રીને ફરજ મોકુફીના હુકમ કરવામાં આવ્યો.

શહેરા તાલુકાના ખાંડીયા–૧ ખાતે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા વાય.એન. ચાંપાનેરીયાએ પોતાની ફરજ પ્રત્યે ગંભીર નિષ્કાળજી રાખેલ હોય તે માટે ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૯૭ના નિયમ–૫(૧)(ક) અન્વયે તાત્કાલીક અસર થી શહેરા તાલુકા વિકાસ અધિકારી દ્વારા ફરજ મોકુફી હેઠળ ઉતારવાના હુકમ કરવામાં આવ્યો. વાય.એન.ચાંપાનેરીયાને ફરજ મોકુફીના છ માસ માટે કુલ પગારના ૫૦ ટકા નિર્વાહ ભથ્થુ જરૂરી પ્રમાણપત્ર મેળવી ચુકવાનો હુકમ કરાયો સાથે તલાટી કમ મંત્રીને ચાંપાનેરીયાને ઘોઘંબા તાલુકા પંચાયત ખાતે હાજર થવા હુકમ કરવામાં આવ્યો.

## શહેરાના મોરવા (રેણા) કેનાલ નજીક થી બાઈક ઉપર લઈ જવાતો ૪૮ હજારનો દારૂ ઝડપ્યો

શહેરા,

શહેરા પોલીસે મોરવા(રેણાં) પાનમ કેનાલ નજીકથી બાઈક પર લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જેમાં વિદેશી દારૂનો જથ્થો તેમજ બાઈક સહીત રૂ.૪૮ હજાર ઉપરાંતનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો હતો.

શહેરા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર આર.કે.રાજપુતને ખાનગી બાતમીદારથી બાતમી મળી હતી કે, ખરોલી ગામના બારીઆ ફળીયામાં રહેતો મનોજ મંગળભાઈ બારીઆ નામનો શખ્સ તેની હીરો સ્પ્લેન્ડર બાઈક નંબર જીજે.૧૭. સીબી. ૬૫૦૬ ઉપર ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી મોરવા(રેણાં) ચોકડી થઈને ઉજડા તરફ જવાનો છે. જે બાતમીના આધારે શહેરા પોલીસ મથકની સર્વેલન્સ ટિમે પોલીસ ઈન્પેકટર આર.કે.રાજપૂતની સૂચના અને માર્ગદર્શન હેઠળ મોરવા(રેણાં) ચોકડી પર વોચ ગોઠવતા મોરવા(રેણાં) પાનમ કેનાલ નજીક બાતમી મુજબની બાઈક આવતા તેને ઉભી રખાવતા તેની ઉપર વિદેશી દારૂ લઈ જવાતો હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી તેની ગણતરી કરતા ૨૪૦ ક્વાટરીયા ભરેલ મળી આવ્યા હતા. જેને લઈને રૂ.૨૮,૮૦૦ નો વિદેશી દારૂ તેમજ બાઈકની કિંમત રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૪૮ હજાર ઉપરાંતનો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી મનોજ બારીઆ વિરૂદ્ધ પ્રોહિબિશનની જુદી–જુદી કલમો હેઠળ ગુનો નોંધી કારયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

## ગોધરા ખાતે જીલ્લા તાલીમ શાળા ખાતે નાયબ પોલીસ અધિક્ષકના વિદાય સમારંભ યોજાયો




ગોધરા,

ગોધરા શહેરના પોલીસ મુખ્યમથક ખાતે આવેલ જિલ્લા તાલીમ શાળા ખાતે નાયાબ પોલીસ અધિક્ષક સી.સી.ખટાણાનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. તાજેતરમાં જ રાજ્યના ગૃહ વિભાગ દ્વારા રાજ્યમાં અલગ અલગ જગ્યાએ ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકની બદલીનો હુકમ કરવામાં આવ્યો હતો. જેમાં પંચમહાલ જિલ્લાના ગોધરા વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક સી.સી.ખટાણાનો પણ સમાવેશ થાય છે. તેઓની બદલી પોરબંદર જિલ્લા એસટી એસસી સેલ શાખાના નાયબ પોલીસ અધિક્ષક તરીકે થઈ છે. ત્યારે આજરોજ ગોધરા શહેરમાં આવેલ જિલ્લા તાલીમ શાળા ખાતે નાયબ પોલીસ અધિક્ષક સી.સી. ખટાણાનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં પોલીસ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ, નગરજનો તેમજ સામાજિક અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત તમામ લોકો દ્વારા નાયાબ પોલીસ અધિક્ષક સી.સી.ખટાણાને ભાવભરી વિદાય આપીને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## વેજલપુર નાયક ફળીયા માંથી ૧.૪૨ લાખના ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમને વેજલપુર પોલીસે ઝડપ્યો



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે નાયક ફળીયામાં ઈસમ દ્વારા ઘરમાં ઈંગ્લીશ દારૂ રાખીને વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ કિંમત ૧,૪૨,૪૬૪/–રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના વેજલપુર ગામે નાયક ફળીયામાં રહેતા પ્રકાશભાઈ ઉર્ફે ભચલુ ગણપતસિંહ પટેલ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂ રાખીને વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન રોયલ સીલેકટ વ્હીસ્કી કવાટરીયા પેટી નંગ–૨૪, રોયલ બ્લયુ મલ્ટ વ્હીસ્કી કવાટરીયા પેટી નંગ૮ મળી કિંમત ૧,૪૨,૪૬૪/–રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપી ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધાવામાં આવ્યો. વેજલપુર પોલીસે દારૂનો ધંધો કરતાં ઈસમો સામે કાર્યવાહી હાથ ધરતા વેજલપુર અને આસપાસ દારૂનો ધંધો કરતા ઈસમો સજાગ બન્યા છે.

# કાલોલ તાલુકાના મલાવ ગામેથી ૪ હજારના દારૂ સાથે મહિલાને ઝડપી

કાલોલ,

કાલોલ તાલુકાના મલાવ ગામે ભદર ફળીયામાં રહેતા મહિલા પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનું વેચાણ કરતાં હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી વ્હિસ્કી કવાટરીયા નંગ–૪૮ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના મલાવ ગામે ભદર ફળીયામાં રહેતા નીરૂબેન કિશોરભાઈ બારીયા પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂ રાખીને વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી પ્લાસ્ટીક વ્હિસ્કી કવાટરીયા નંગ–૪૮ કિંમત ૪,૮૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે કાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવામાં આવી.